dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 7 | Issue- 271 | AD - 2024, Jeth Vad -13 | Thursday, Dt.04-07-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### વડાપ્રધાનના ભાષણ દરમિયાન વિપક્ષે રાજ્યસભામાંથી વોકઆઉટ કર્યું

# અમે જે કામ પાંચ વર્ષમાં કર્યું તે કામ કરવામાં કોંગ્રેસને ૨૦ વર્ષ થાત : પ્રધાનમંત્રી મોદી

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૩

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે રાજ્યસભામાં રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવ પરની ચર્ચાનો જવાબ આપતાં, મણિપુરની સ્થિતિ અને નીટ પેપર લીક જેવા મુદ્દાઓ પર નિવેદનો પણ આપ્યા. તેમણે કહ્યું કે અમે જે કામ છેલ્લા પાંચ વર્ષમાં કર્યું છે તે જો કરવું હોત તો કોંગ્રેસને ૨૦ વર્ષ લાગ્યા હોત. ઉત્તર-પૂર્વમાં સ્થાયી શાંતિ માટે ૧૦ વર્ષથી સતત પ્રયાસો થઈ રહ્યા છે. અટક્યા વિના અને થાક્યા વિના પ્રયત્નો કર્યા છે. દેશમાં તેની ચર્ચા ઓછી થઈ છે, પરંતુ પરિણામ વ્યાપક જોવા મળ્યું છે. પેપર લીક પર તેમણે કહ્યું કે અમે ઈચ્છતા હતા કે પેપર લીક જેવા સંવેદનશીલ મુદ્દા પર રાજકારણ ન થવું જોઈએ, પરંતુ વિપક્ષને તેની આદત છે. હું ભારતના યુવાનોને આશ્વાસન આપું છું કે યુવાનોના ભવિષ્ય સાથે રમત કરનારાઓને કડકમાં કડક સજા મળે તે માટે કાર્યવાહી કરવામાં આવી રહી છે. તેમણે કહ્યું કે રાજ્યો વચ્ચે સરહદી વિવાદો સંઘર્ષને જન્મ આપી રહ્યા છે અને આ આઝાદી પછીથી ચાલુ છે. અમે રાજ્યો સાથે મળીને આનો ઉકેલ લાવી રહ્યા છીએ. ઉત્તરપૂર્વ માટે આ એક મહાન સેવા છે. હિંસા સાથે સંકળાયેલી સંસ્થાઓ, જે લડાઈ કરતી સશસ્ત્ર ગેંગ હતી, આજે તેમની સાથે કાયમી કરાર કરી રહી છે. જેમની સામે ગંભીર કેસ છે તેઓ કોર્ટમાં જવાની તૈયારીમાં છે. ન્યાયતંત્રમાં વિશ્વાસ વધારવો જરૂરી છે. પીએમ મોદીએ કહ્યું કે સરકાર મણિપુરમાં સ્થિતિને સામાન્ય બનાવવા માટે સતત પ્રયાસો કરી રહી છે. ત્યાં બનેલી ઘટનાઓને કારણે ૧૧ હજારથી વધુ FIR દાખલ કરવામાં આવી છે, ૫૦૦થી વધુ લોકોની ધરપકડ કરવામાં આવી છે. આપણે એ પણ સ્વીકારવું પડશે કે મણિપુરમાં હિંસાની ઘટનાઓ સતત ઘટી રહી છે.



તેમણે કહ્યું કે મણિપુરમાં પણ શાળા-કોલેજ સંસ્થાઓ ખુલી છે. જેમ દેશમાં પરીક્ષાઓ હતી, ત્યાં પણ પરીક્ષાઓ હતી. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દરેક સાથે વાત કરીને સૌહાર્દનો માર્ગ ખોલવાનો પ્રયાસ કરી રહી છે. નાના જૂથો સાથે વાતચીત થઈ રહી છે. ગૃહમંત્રી ત્યાં ગયા અને ઘણા દિવસો સુધી ત્યાં રહ્યા. અધિકારીઓ પણ સતત જઈ રહ્યા છે. સમસ્યાના નિરાકરણ માટે તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. તેમણે કડક સ્વરમાં કહ્યું કે હું તે તમામ તત્વોને ચેતવણી આપવા માંગુ છું જેઓ મણિપુરની આગમાં બળતણ ઉમેરવાનો પ્રયાસ કરી રહ્યા છે અને આ પ્રવૃત્તિઓ બંધ કરો. એક સમય એવો આવશે જ્યારે મણિપુર પોતે જ તે લોકોને નકારી દેશે. જેઓ મણિપુર, મણિપુરનો ઈતિહાસ જાણે છે તેઓ જાણે છે કે ત્યાં સામાજિક સંઘર્ષનો લાંબો ઈતિહાસ રહ્યો છે. આ સંઘર્ષ માનસિકતાના મૂળ ખૂબ ઊંડા છે. પીએમ મોદીએ કહ્યું કે કોંગ્રેસના લોકોએ એ ન ભૂલવું જોઈએ કે આ સંજોગોને કારણે આ નાના રાજ્યમાં ૧૦ વખત રાષ્ટ્રપતિ શાસન લગાવવું પડ્યું. અમારા કાર્યકાળ દરમિયાન આવું બન્યું નથી. કોઈ કારણ તો હશે જ, પરંતુ તેમ છતાં રાજકીય લાભ મેળવવા માટે ત્યાં પગલાં લેવાઈ રહ્યા છે. આપણે પરિસ્થિતિને સમજદારીથી સુધારવાનો પ્રયાસ કરવો પડશે. આમાં જે પણ સહકાર આપવા માંગે છે તેને અમે ટેકો આપવા માટે તૈયાર છીએ, પરંતુ અમે સામાન્ય સ્થિતિ જાળવવા અને શાંતિ લાવવા માટે અમારા શ્રેષ્ઠ પ્રયાસો કરી રહ્યા છીએ. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ભાષણ દરમિયાન કોંગ્રેસની આગેવાની હેઠળના વિપક્ષી ગઠબંધન 'ભારત'ના ઘટકોએ રાજ્યસભામાંથી વોકઆઉટ કર્યું હતું. તેમની માંગ એવી હતી કે વડાપ્રધાનના સંબોધન દરમિયાન વિપક્ષના નેતાને હસ્તક્ષેપ કરવાની મંજૂરી આપવી જોઈએ વાસ્તવમાં, વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગે સંસદના સંયુક્ત સત્રમાં રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવ પર ચર્ચા દરમિયાન મોદીના જવાબ દરમિયાન હસ્તક્ષેપ કરવા માંગતા હતા. જોકે, અધ્યક્ષ જગદીપ ધનખરે તેને ફગાવી દીધો હતો. આ પછી, ઈન્ડિયા બ્લોકના સાંસદોએ સૂત્રોચ્ચાર કર્યા અને વિપક્ષના નેતાને બોલવા દેવાની માંગ કરી હતી.

### બાર્બાડોઝમાં ભારે તોફાન આવતા ભારતીય ખેલાડીઓ ત્રણ દિવસથી હોટેલમાં ફસાયા હતા

# ટી-૨૦ વિશ્વ વિજેતા ખાસ ફ્લાઈટ મારફતે ભારત પહોંચ્યા : ખેલાડીઓ પ્રધાનમંત્રીને મળશે

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૩

ટી-૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪ની ચેમ્પિયન ટીમ ઈન્ડિયા ટૂંક સમયમાં જ ભારતની ધરતી પર પહોંચવા જઈ રહી છે. ટીમ ઈન્ડિયા બાર્બાડોસથી ભારત આવી ગઈ છે. કહેવાય છે કે બીસીસીઆઈએ ટીમ માટે એર ઈન્ડિયાની ખાસ ફ્લાઈટની વ્યવસ્થા કરી છે. ૨૯ જૂને રમાયેલા ટી ૨૦ વર્લ્ડ કપની ફાઈનલ બાદ બાર્બાડોસમાં જોરદાર તોફાન આવ્યું હતું, જેના કારણે ટીમ પરત ફરી શકી ન હતી. પરંતુ એવું કહેવાય છે કે ફ્લાઈટ ભારતીય સમય અનુસાર લગભગ ૧ વાગ્યે બાર્બાડોસથી




ટેકઓફ થઈ છે અને ગુરુવારે સવારે ભારત પહોંચશે. ખાસ વાત એ છે કે અહીં આવ્યા બાદ સૌથી પહેલા ટીમ ઈન્ડિયાના તમામ ખેલાડીઓ અને સ્ટાફ મેમ્બર વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળશે, તેનું શેડ્યૂલ હવે જાહેર કરવામાં આવ્યું છે. અત્યાર સુધી સામે આવી રહેલા સમાચારો પરથી જાણવા મળ્યું છે કે આખી ટીમ ઈન્ડિયા બાર્બાડોસથી વિશેષ ફ્લાઈટ દ્વારા રવાના થશે અને ગુરુવારે સવારે ૭ થી ૮ વાગ્યાની આસપાસ સીધી દિલ્હી પહોંચશે. હવે પ્રાપ્ત માહિતી અનુસાર, ભારતીય ટીમ સાથે પીએમ મોદીને મળવાનો સમય સવારે ૧૧ વાગ્યે નક્કી કરવામાં આવ્યો છે. પીએમ મોદી તમામ ભારતીય ખેલાડીઓને મળશે અને તેમની તબિયત વિશે જાણશે. કહેવાય છે કે દરેકનું સન્માન કરાશે. આ પહેલા જ્યારે ટીમ ઈન્ડિયાએ ૨૯ જૂનની રાત્રે ટી-૨૦ વર્લ્ડ કપ જીત્યો હતો ત્યારે પીએમ મોદીએ રાત્રે જ ભારતીય ટીમને અભિનંદન પાઠવ્યા હતા, જેનો વીડિયો પણ સામે આવ્યો હતો. એટલું જ નહીં તેણે ભારતીય ખેલાડીઓ સાથે ફોન પર વાત પણ કરી હતી, પરંતુ હવે રૂબરૂ મુલાકાત થશે.

# હાથરસમાં થયેલા ૧૨૧ લોકોના મોત બાદ એફઆઈઆરમાં ભોલેબાબાનું નામ સુધ્ધા નહી

### ગંભીર ઘટના બાદ ભોલેબાબા ફરાર

(એ.આર.એલ),લખનૌ,તા.૩

ઉત્તર પ્રદેશના હાથરસમાં મંગળવારે એક ગોઝારી દુર્ઘટના ઘટી, સિકંદરારાઉ કસ્બના ફુલરઈ ગામમાં યોજાયેલા સત્સંગમાં ૧૨૧ લોકોના મોત નિપજ્યા છે. જેમાં ૧૦૮ મહિલાઓ, ૭ બાળકો સામેલ છે. અહીં સાકાર હરિબાબાનો સત્સંગ ચાલી રહ્યો હતો. ભોલેબાબા હાલ ફરાર છે અને પોલીસ તેમની શોધમાં છે. સત્સંગ પૂરો થયા બાદ અહીં જેવી ભીડ નીકળવાની શરૂ



થઈ કે ત્યાં ભાગદોડ મચી ગઈ. હવે આ મામલે એફઆઈઆર નોંધવામાં આવી છે. એફઆઈઆર મુજબ ૮૦ હજાર લોકોની મંજૂરી મળવા છતાં અઢી લાખ લોકો સત્સંગમાં ભેગા થયા હતા. હાથરસ કરુણાંતિકામાં એફઆઈઆર દાખલ કરાઈ છે. જે મુજબ ૮૦ હજાર લોકોની મંજૂરી માંગવામાં આવી હતી. જ્યારે લોકોની સંખ્યા અઢી લાખની આસપાસ હતી. આરોપ છે કે ભીડ જ્યારે દબાઈ રહી હતી ત્યારે સેવાદારો અને આયોજકોએ ડંડાઓથી જબરદસ્તીથી રોક્યા. ભાગદોડ દરમિયાન આયોજકો અને સેવાદારોએ કોઈ સહયોગ કર્યો નહીં. FIR મુજબ અઢી લાખની ભીડ હોવાનું જણાવાયું છે આ ઉપરાંત મહત્વપૂર્ણ છે કે બાબાનું નામ એફઆઈઆરમાં છે જ નહીં. તમામ સેવાદારોએ ડંડાથી જબરદસ્તીથી રોક્યાનો ઉલ્લેખ છે.

### સ્ત્રીઓના ચેપ અને ગર્ભના વિકાસ માટે સગર્ભા સ્ત્રીઓ પર દેખરેખ રાખવાની સલાહ

# ઝીકા વાયરસને લઈ કેન્દ્ર સરકારે એડવાઈઝરી જાહેર કરી

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૩

કેન્દ્ર સરકાર દ્વારા આજે બુધવારે તમામ રાજ્યો માટે એડવાઈઝરી જારી કરી છે. મહારાષ્ટ્રમાં તાજેતરમાં મળી આવેલા ઝીકા વાયરસને લઈને આ એડવાઈઝરી જારી કરવામાં આવી છે. સરકારે તમામ રાજ્યોને ગર્ભવતી મહિલાઓમાં આ વાયરસનું પરીક્ષણ કરીને સતત દેખરેખ રાખવા વિનંતી કરી છે. કેન્દ્રએ રાજ્યોને સગર્ભા સ્ત્રીઓના ચેપ અને ગર્ભના વિકાસ માટે સગર્ભા સ્ત્રીઓ પર દેખરેખ રાખવાની સલાહ પણ આપી છે જેઓ ઝીકા માટે સકારાત્મક પરીક્ષણ કરે છે.

"ઝીકા ચેપગ્રસ્ત સગર્ભા સ્ત્રીઓના ગર્ભમાં માઈક્રોસેફલી અને ન્યુરોલોજીકલ પરિણામો સાથે સંકળાયેલ હોવાથી, રાજ્યોને સલાહ આપવામાં આવી છે કે તેઓ દેખરેખ માટે ડોકટરોને ચેતવણી આપે," આરોગ્ય અને કલ્યાણ મંત્રાલયે સલાહકારમાં રાજ્યોને વિનંતી કરી છે કે તેઓ આરોગ્ય સુવિધાઓને નિર્દેશિત કરે અસરગ્રસ્ત વિસ્તારો



અથવા અસરગ્રસ્ત વિસ્તારોમાંથી સગર્ભા સ્ત્રીઓને ઝીકા વાયરસના ચેપ માટે સ્ક્રીનીંગ કરવા માટે આવતા કેસો સંભાળતા લોકો, જેમાં સગર્ભા માતાઓના ભ્રૂણના વિકાસનો સમાવેશ થાય છે જેઓ ઝીકા ટ્રેક અપ માટે સકારાત્મક પરીક્ષણ કરે છે." મંત્રાલયે એડવાઈઝરીમાં રહેણાંક વિસ્તારો, કાર્યસ્થળો, શાળાઓ, બાંધકામ સ્થળો, સંસ્થાઓ અને આરોગ્ય સુવિધાઓમાં કીટશાસ્ત્રીય દેખરેખને મજબૂત કરવા અને વેક્ટર નિયંત્રણ પ્રવૃત્તિઓને વધુ તીવ્ર બનાવવાના મહત્વ પર પણ ભાર મૂક્યો છે. વાયરસની સમયસર શોધ અને નિયંત્રણ માટે, રાજ્ય સત્તાવાળાઓને ચેતવણી, તૈયાર રહેવા અને તમામ સ્તરે યોગ્ય લોજિસ્ટિક્સની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવાની સલાહ આપવામાં આવી છે. "રાજ્યોને પણ વિનંતી કરવામાં આવે છે કે તેઓ સામાજિક મીડિયા અને અન્ય પ્લેટફોર્મ પર સાવચેતીભર્યા આઈઈસી સંદેશાઓ દ્વારા જાગૃતિ ફેલાવે કારણ કે ઝીકા કોઈપણ દેશમાં ફેલાય છે." તે બિન-જીવલેણ રોગ છે. જો કે, ઝીકાથી સંક્રમિત સગર્ભા સ્ત્રીઓમાં જન્મેલા બાળકોમાં માઈક્રોસેફાલી (માથાનું કદ ઘટાડવું) હોય છે, જે તેને એક મોટી ચિંતા બનાવે છે.













**રાજુલા પંથકમાં વૃક્ષો પડવાની ઘટના, કોઈ જાનહાની નહી**

# પાંચ દિવસ વરસાદ બાદ અમરેલી જિલ્લામાં મેઘાનો વિરામ

અમરેલી,તા.૩

અમરેલી જિલ્લામાં છેલ્લાં પાંચ દિવસથી સતત વરસાદ પડી રહ્યો છે. વરસાદને કારણે સમગ્ર જિલ્લામાં વાવણીના શ્રીગણેશ થઈ ચૂકયા છે. સતત પાંચ દિવસ વરસાદ પડયા બાદ આજે મેઘરાજાએ વિરામ લીધો છે. જો કે જે રીતે ગરમી ફરી માથુ ઉંચક્યુ છે. જેને લઈ ફરી વરસાદનો રાઉન્ડ આવે તેવી સંભાવના લાગી રહી છે. અમરેલી પંથકમા ખેતી ક્ષેત્ર માટે આકાશમાથી જાણે અમૃત વરસી ગયુ છે. કારણ કે છેલ્લા પાંચ દિવસ દરમિયાન અમરેલી જિલ્લામા સાર્વત્રિક રીતે વાવણીલાયક વરસાદ પડી ગયો છે. જિલ્લામા અગાઉ પણ છુટોછવાયો વરસાદ પડયો હોય અનેક વિસ્તારમા વાવણી થઈ ગઈ હતી. આ વાવણી પર સંતોષકારક વરસાદ પડી જતા મોલાતને ફાયદો થશે. એટલુ જ નહી જે વિસ્તારમા હજુ વાવણી થઈ નથી. તે વિસ્તારમાં ઝડપથી વાવણી થઈ જશે. આજના વરસાદ બાદ ખેડૂતો ખેતીના કામમા પરોવાઈ ગયા છે. રાજુલા પંથકમા ગઈકાલે દિવસ દરમિયાન ત્રણ ઈંચ વરસાદ થયા બાદ રાત્રીના સમયે પણ અહી ધોધમાર વરસાદ તુટી પડયો હતો. અને સવાર સુધીમા વધુ ત્રણ ઈંચ વરસાદ પડી ગયો હતો. આમ અહી છેલ્લા ચોવીસ કલાક દરમિયાન કુલ છ ઈંચ વરસાદ થયો હતો. આવી જ રીતે બગસરા પંથકમા પણ રાત્રે અને વહેલી સવારના સમયે વધુ ત્રણ ઈંચ વરસાદ ખાબકયો હતો. જયારે ધારી તથા આસપાસના વિસ્તારમાં રાત્રીના સમયે બે ઈંચ, વડીયા પંથકમા અડધો ઈંચ તથા ખાંભા તથા આસપાસના વિસ્તારમા બે ઈંચ વરસાદ પડયો હતો. અમરેલી પંથકમાં બપોર બાદ વરાપ નીકળી હતી. સંતોષકારક વરસાદ પડયા બાદ વરાપ નીકળતા ખેડૂતો રાજી થયા છે.

બીજી તરફ રાત્રે ભારે વરસાદના પગલે રાજુલાના વાવેરા રોડ પર પીપરનુ મહાકાય વૃક્ષ ધરાશાયી થયુ હતુ. બાબરકોટ નજીક પણ એક વૃક્ષ પડી ગયુ હતુ. ધારાનાનેસ ગામે તથા રાજુલાના જાફરાબાદ રોડ પર પણ વૃક્ષો પડયા હતા. વૃક્ષો ધરાશાયી થયા બાદ કોઈ જાનહાની ન થઈ હોવાથી તંત્રએ પણ રાહતનો શ્વાસ લીધો છે. વરાપ નીકળ્યા બાદ પણ આગામી ચોવીસ કલાકમા વરસાદનો આ રાઉન્ડ યથાવત ચાલુ રહેવાની ધારણા છે.

### વરાપ નીકળતા ખેડૂતો ખેતીકામમાં જોતરાયા

અમરેલી જિલ્લામાં વાવણીલાયક વરસાદ પડ્યા બાદ આજથી વરાપ નીકળી છે. સતત વરસાદને કારણે ખેતરોમાં જઈ ન શકતા ખેડૂતો વરાપ નીકળતા જ ખેતરોમાં જઈ વાવેતરનું નિરીક્ષણ કર્યુ હતુ નિંદામણની કામગીરી કરતા નજરે પડયા હતા.

### લોકોમાં રોગચાળાનો ભય

અમરેલી જિલ્લામાં સતત પાંચ દિવસથી મેઘાએ મુકામ કર્યા બાદ હવે વરાપ નીકળી છે. જો કે વાદળછાયા વાતાવરણને કારણે રોગચાળાનો ભય ફેલાય તેવી સંભાવના છે. વરસાદી પાણી ભરાઈ રહેતા ડેન્ગ્યૂ સહિતના રોગો માથુ ઉંચકે તેવી સંભાવના છે. રોગચાળો ફાટી નીકળે તે પહેલા જરૂરી દવાનો છંટકાવ કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

## ચલાલા ખાતે વિશ્વ હિન્દુ પરિષદના હોદ્દેદારોની વરણી



અમરેલી,તા.૩

ચલાલા ખાતે હોટલ વનવગડામાં વિશ્વ હિન્દુ પરિષદના હોદ્દેદારોની વરણી કરવામાં આવી જેમાં પ્રમુખ તરીકે જયકુમારભાઈ ધાધલ, ઉપપ્રમુખ તરીકે હરપાલભાઈ માંજરિયા, ઉપપ્રમુખ તરીકે રવિકુમાર એમ. ભડીંગજી, મંત્રી તરીકે પ્રદીપભાઈ વાળા, સહમંત્રી તરીકે જયદીપભાઈ કામળીયા સહિતના હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી.

**પાલિકામાં ફરજ બજાવતા ૧૬ જેટલા કર્મચારીઓમાંથી ૧૩ને પાંચમા જ્યારે ૩ને સાતમા પગારપંચનો લાભ મળે છે**

## બગસરા પાલિકામાં કર્મચારીઓ પગારપંચ મુદ્દે ભેદભાવથી નારાજ

બગસરા, તા.૩

બગસરા પાલિકા વિકાસનાં મોટા દાવા કરી રહી છે અને સરકાર પાસેથી મોટી ગ્રાન્ટ મેળવી રહી છે. પરંતુ, આ ભવ્ય વાતોની વચ્ચે પાલિકાના કર્મચારીઓ પગાર મેળવવા માટે સંઘર્ષ કરી રહ્યા છે. પાલિકાના ૧૬ કાયમી કર્મચારીઓમાંથી ૧૩ જણ હજુ પણ પાંચમા પગારપંચ હેઠળ પગાર મેળવી રહ્યા છે, જ્યારે બાકીના ૩ કર્મચારીને સાતમા પગારપંચનો લાભ મળે છે. આ ભેદભાવપૂર્ણ નીતિ કર્મચારીઓમાં નારાજગી ફેલાવી રહી છે, ખાસ કરીને જેઓ ઘણા વર્ષોથી પાલિકામાં સેવા આપી રહ્યા છે. ૧૩ કર્મચારીઓએ પોતાના પગારમાં વધારો મેળવવા માટે ગુજરાત હાઈકોર્ટમાં રિટ પણ દાખલ કરી છે, પરંતુ હજુ સુધી કોઈ નિર્ણય આવ્યો નથી. કર્મચારીઓનું કહેવું છે કે તેમને પોતાના પરિવારનું ગુજરાન ચલાવવામાં મુશ્કેલી પડી રહી છે અને આ ભેદભાવનો અંત લાવવાની માંગ કરી રહ્યા છે. પાલિકાના હેડ ક્લાર્કનો દાવો છે કે જે ૩ કર્મચારીને સાતમા પગારપંચનો લાભ મળે છે તે "સક્ષમ સત્તાધીશો" છે, જ્યારે બાકીના ૧૩ કર્મચારીને કોર્ટના હુકમ દ્વારા નોકરી મળી છે. આ ભેદભાવને કારણે કર્મચારીઓમાં નારાજગી અને અસંતોષનું વાતાવરણ ઊભું થયું છે.


તસવીર : હાર્દીક બામટા

## જીરા ગામે વૃક્ષારોપણ અને પ્રા.આ.કે.લોકાર્પણ સમારોહ યોજાશે

અમરેલી,તા.૩

અમરેલી જિલ્લાના જીરા ગામે સુરત વસતા વિઠ્ઠલભાઈ શામજીભાઈ ડોબરીયાના પુત્ર યુવા ઉદ્યોગપતિ પરેશભાઈ ડોબરીયા શિવાય જ્વેલર્સના આર્થિક સહયોગથી જીરા ગામમાં એકસાથે ૫૦૦૦ વૃક્ષોનુ રોપણ કરવામાં આવનાર છે. આ વૃક્ષોની માવજત કરી તેનો ઉછેર કરવામાં આવશે અને પર્યાવરણના જતનમાં પોતાનુ યોગદાન આપશે.

આ ઉપરાંત ગુજરાત સરકાર દ્વારા રૂ. ૧ કરોડના ખર્ચે નવનિર્મિત પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું પણ લોકાર્પણ કરવામાં આવનાર છે. આ પ્રસંગે આગામી તા. ૭-૭ ને રવિવારના રોજ સવારે ૮;૩૦ કલાકે જીરા રામજી મંદિરેથી શોભાયાત્રા કાઢવામાં આવશે. ત્યારબાદ સવારે ૯ કલાકે જીરા ભમોદ્રા રોડ પર વૃક્ષારોપણનો પ્રારંભ કરવામાં આવશે. આ પ્રસંગે અમરેલી જિલ્લાભરના વિવિધ ક્ષેત્રોના મહાનુભાવોને ઉપસ્થિત રહેવા આમંત્રણ આપવામાં આવ્યું છે. જેમાં સાંસદ ભરત સુતરીયા, ધારાસભ્ય અને વિધાનસભા નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરીયા, ધારાસભ્ય મહેશ કસવાલા, આરોગ્ય સમિતિ ચેરમેન અશ્વિન કુંજડીયા, હેમાક્ષીબેન રાણાભાઈ રાદડીયા જિ.પં. સભ્ય, સા.કુંડલા તા. પં.પ્રમુખ જીતુભાઈ કાછડીયા, તા. પં. સભ્ય અનિતાબેન બાલધા તેમજ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી આર. એમ જોશી, તાલુકા હેલ્થ ઓફિસર ડો. એસ. આર. મીના અને મેડિકલ ઓફિસર ડો.અવની વ્યાસ વગેરે સાથે મુખ્ય મહેમાન પરેશભાઈ ડોબરીયા, મનસુખભાઈ કાથરોટીયા, જયસુભાઈ સતાણી અને ગીરીશભાઈ સાવલીયા તેમજ જીરા સરપંચ દક્ષાબેન ચોડવડીયા સહિતના હાજર રહેશે. તો આ પ્રસંગે બહોળી સંખ્યામાં હાજર રહેવા જાહેર જનતાને પણ અનુરોધ કરવામાં આવ્યો છે.

## દામનગરના હજીરાધાર ગામે શાળા પ્રવેશોત્સવ યોજાયો



અમરેલી,તા.૩

દામનગરના હજીરાધાર ગામે શાળા પ્રવેશોત્સવ એવમ કન્યા કેળવણી મહોત્સવ યોજાયો હતો. અમરેલી જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી મહેતા, લાઈઝન અધિકારી દિલીપભાઈ પરમાર, ભાવસિંહ ડોડીયા, શાળા આચાર્ય મનુબેન ચાવડા, સરપંચ રામજીભાઈ કાનમિયા સહિતનાઓની હાજરીમાં શાળા પ્રવેશોત્સવ યોજાયો હતો. શાળામાં પ્રવેશ કરતા બાળકોને કુમકુમ તિલક કરી સ્વાગત કરાયું હતુ. આ તકે ગ્રામજનો પણ બહોળી સંખ્યામાં હાજર રહ્યાં હતા.

## દામનગરમાં બીએપીએસ સંસ્થા દ્વારા અભિવાદન સમારોહ યોજાયો



અમરેલી,તા.૩

દામનગર પટેલ વાડી ખાતે બીએપીએસ સંસ્થાના વરિષ્ઠ સંતોની ઉપસ્થિતિમાં કાર્યકર્તા અભિવાદન સમારોહ યોજાયો હતો. દામનગર ક્ષેત્રના તમામ હરિભકતો વચ્ચે આનંદ સાથે એક અદભૂત, અવિસ્મરણીય, અભિવાદન કાર્યક્રમનું આયોજન થયું હતુ. દામનગર શહેર સહિત આ ક્ષેત્રના ૨૦ થી વધુ ગ્રામ્ય ના તમામ મંડળના કાર્યકરો, સહ કાર્યકરો હરિભકતોને વિશાળ ઉપસ્થિતિમાં પૂજ્ય સંતો પૂજ્ય અધ્યાત્મસ્વરૂદાસ સ્વામી (કોઠારી સંત, ગઢડા મંદિર), પૂજ્ય ભગવતકિર્તનદાસ સ્વામી (સંત નિર્દેશક દામનગર ક્ષેત્ર), પૂજ્ય અનંતરાજદાસ સ્વામી સહિતના સંતોએ આશીર્વચન પાઠવ્યા હતા.

## દામનગરમાં શાળા પાસે રોડ પર ખાડો પડતા અકસ્માતનો ભય



દામનગર, તા.૩

દામનગરમાં વરસાદની સિઝન આવતા જ સમસ્યાઓની શરૂઆત થઈ ગઈ છે. પરંતુ કોઈ દરકાર કરવાવાળુ નથી. શહેરમાં સ્પીડબ્રેકરની સમસ્યા છે, કચરો જ્યાં ત્યાં પડયો રહે છે જેનો યોગ્ય નિકાલ કરવામાં આવતો નથી અને પ્રાથમિક શાળા નં.૧ પાસે રોડ પર ખાડો પડી ગયો હોવાથી વાહનચાલકોને અકસ્માતનો ભય સતાવી રહ્યો છે અહીં સ્કૂલ આવેલી છે અને નગરપાલિકા જવાનો રસ્તો પણ છે છતાં કોઈને આ ખાડો દેખાતો નથી એ આશ્ચર્યની વાત છે. વારંવાર અખબારી અહેવાલો પ્રસિદ્ધ થવા છતાં એકપણ સમસ્યાનું નિરાકરણ આવતું નથી.

## બાબરા યાર્ડમાં ડો. શ્યામાપ્રસાદ મુખરજીના જન્મદિવસ નિમિત્તે ગોષ્ઠિ



બાબરા, તા.૩

બાબરા માર્કેટિંગ યાર્ડ ખાતે બાબરા શહેર ભાજપ અને તાલુકા ભાજપ દ્વારા ડો. શ્યામાપ્રસાદ મુખરજીના જન્મ દિવસ નિમિત્તે આજે યાર્ડ ખાતે વિચાર ગોષ્ઠિ બેઠક યોજાઈ હતી. જેમાં ડો. શ્યામાપ્રસાદ મુખરજીના જીવન ચરિત્ર વિશે વાતો કરવામાં આવી હતી અને તેમણે કરેલા કામોનો યાદ કરી ભાજપના કાર્યકરો અને હોદ્દેદારો સહિત લોકોને આ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ બેઠકમાં યાર્ડ ચેરમેન જીવાજીભાઈ રાઠોડ, જીલ્લા ભાજપના ભુપેન્દ્રભાઈ બસિયા, જીલ્લા પંચાયતના સભ્ય હીંમતભાઈ દેત્રોજા, નિતિનભાઈ રાઠોડ પ્રભાતભાઈ કોઠીવાળ, શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ ખોખરીયા, ભરતભાઈ બુટાણી, તાલુકા ભાજપ મહામંત્રી રાજુભાઈ વિરોજા, નગરપાલિકા પ્રમુખ પ્રવિણભાઈ કરકર, પૂર્વ પ્રમુખ લલિતભાઈ આંબલીયા, ઉપપ્રમુખ અંકુરભાઈ જસાણી, રસીકભાઈ ગોઝારિયા, દેવશીભાઈ મારુ સહિત આગેવાનો હોદ્દેદારો કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## અમરેલીમાં લાઠી રોડ પર વીજશોક લાગતા ગાયનું મોત



અમરેલી,તા.૩

અમરેલીના વરસડા માર્ગ ઉપર આવેલ ટ્રાન્સફોર્મર નજીક ગૌ માતાનુ નિધન થતાં અરેરાટીનો માહોલ ઉભો થયો છે. અમરેલીમાં ઠેકઠેકાણે આડેધડ પીજીવીસીએલનાં ટ્રાન્સફોર્મર ઉભા કરી દેવામાં આવતાં હોય અવાર નવાર નાના-મોટા અકસ્માત થતાં રહે છે. દરમિયાનમાં આજે અમૃતપાર્કના દરવાજા નજીક આવેલ એક ટ્રાન્સફોર્મર નજીક ગાયનું કમકમાટી ભર્યુ મોત થતાં અરેરાટીનો માહોલ ઉભો થયો છે.









## વરસાદના માહોલમાં ઢોર રસ્તા વચ્ચે અડીંગો જમાવતા હોવાથી ટ્રાફિક જામની સમસ્યા

# ખાંભામાં આખલા યુદ્ધથી રાહદારીઓના જીવ પડીકે બંધાયા

અમરેલી,તા.૩

અમરેલી જિલ્લામાં રખડતા ઢોરોની સમસ્યા હવે સામાન્ય બની જવા પામી છે. હાઈકોર્ટના આદેશ બાદ પણ તંત્ર દ્વારા રખડતા ઢોર અંગે કોઈ કામગીરી કરવામાં આવતી નથી. જેના કારણે ભુતકાળમાં અનેક લોકો મોતને ભેટ્યા છે છતાં તંત્ર દ્વારા લોકોના મોતનો તમાશો જોવામાં આવતો હોય તેવુ લાગી રહ્યુ છે. રેઢિયાળ ઢોર અમરેલી જિલ્લામાં જાહેર માર્ગો ઉપર અડિંગો જમાવી રહ્યા છે. વાંરવાર આખલાઓ વચ્ચે યુદ્ધ થવાના બનાવો વધી રહ્યા છે. ત્યારે ખાંભામાં મોડી રાતે બે આખલાઓ સામ સામે આવી ગયા હતા. બન્ને આખલાઓ વચ્ચે યુદ્ધ ખેલાતાં થોડીવાર અફડાતફડી સર્જાઈ હતી. આખલા યુદ્ધને પગલે રાહદારીઓ, વાહન ચાલકો અને વેપારીઓમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. ખાંભામાં બજાર વચ્ચે બે આખલાઓ બાખડ્યા હતા. જેથી સ્થાનિકોએ આખલાઓને છુટા પડાવવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, અહીં પહેલી વખત નથી અગાઉ પણ અનેક વખત આખલાઓ



યુદ્ધ કરી ઘર્ષણ કરતા જોવા મળ્યા હતા. મોટાભાગે હાલ વરસાદી માહોલ વચ્ચે જાહેર માર્ગો ઉપર આખલાઓ તેમજ રખડતા ઢોરના કારણે વાહન ચાલકો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. આ બાબતે જવાબદાર તંત્ર સામે અનેકવાર રજૂઆત કરવામાં આવી છે. પરંતુ તંત્ર દ્વારા રખડતા ઢોરને પકડવા માટેની કોઈ જ કામગીરી કરવામાં આવતી જેના કારણે જાહેર માર્ગો પર ઢોર શીંગડા ભરાવતા નજરે પડે છે.

**ચોમાસામાં ઢોર માર્ગની વચ્ચે જ બેસી જાય છે**

ચોમાસાની ઋતુ દરમિયાન રખડતા ઢોર છાશવાશે રસ્તાની વચ્ચોવચ્ચ બેસી જાય છે. બજારોમાં પણ માર્ગની વચ્ચે ઢોર બેસતા હોવાથી ટ્રાફિક જામની સમસ્યા સર્જાય છે. ઢોરના કારણે વાહનો પસાર થઈ શકતા નથી તો રાત્રીના સમયે ઢોર રસ્તા વચ્ચે હોવાથી ઘણીવાર વાહનચાલકોને ઢોર દેખાતા ન હોવાથી અકસ્માત સર્જાતા હોય છે. રખડતા ઢોર બાબતે હાઈકોર્ટે કડક આદેશ આપ્યા છે પરંતુ કોઈ નક્કર કામગીરી કરવાને બદલે ગ્રામ પંચાયત અને નગરપાલિકા આ આદેશને ઘોળીને પી ગયા છે.

# ધારી પોલીસ દ્વારા વ્યાજખોર નાબૂદી ઝુંબેશ અંતર્ગત લોક દરબારનું આયોજન

ધારી,તા.૩

ધારી પોલીસ દ્વારા ગુરુવારે ધારી બગસરા રોડ પર આવેલા પ્રેમવતી હોલ ખાતે વ્યાજખોર નાબૂદી ઝુંબેશ અંતર્ગત એક લોક દરબારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ લોક દરબારમાં ધારીના વેપારીઓ, સામાજિક કાર્યકરો અને પત્રકારો સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા



હતા.લોક દરબારનું અધ્યક્ષપણું ધારી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તેમણે વ્યાજખોરીના કાયદા અને તેના ભંગ કરનારાઓ સામે કાયદાકીય જોગવાઈઓ સમજાવી હતી. તેમણે નવા વ્યાજખોરી નિવારણ કાયદા હેઠળ વ્યાજખોરોને થતી સજાઓની પણ વિગતવાર માહિતી આપી હતી. લોકોએ લોક દરબારમાં ખુલીને પોતાના પ્રશ્નો અને સમસ્યાઓ રજૂ કરી હતી. પોલીસ ઈન્સ્પેક્ટર દેસાઈ અને અન્ય અધિકારીઓ દ્વારા તેમના પ્રશ્નોના જવાબ આપવામાં આવ્યા હતા.

# રાજુલાના ડુંગર રોડ પર કાદવ-કિચડથી લોકો ત્રસ્ત

### વિસ્તારવાસીઓ માર્ગ માટે ઝાંખી રહ્યા છે



તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા,તા.૩

રાજુલામાં ડુંગર રોડ ઉપર છેલ્લા બે વર્ષથી રસ્તો ન બનતા લોકોને હાલાકી વેઠવી પડે છે. કોન્ટ્રાકટરની બેદરકારી કે પાલિકા સાથે સાંઠગાંઠના કારણે રોડ બનતો ન હોવાનો આક્ષેપો લોકો કરી રહ્યા છે. ડુંગર રોડ પર ૩૦૦ મીટર કરતા વધારેનો રસ્તો છેલ્લા બે વર્ષથી બિસ્માર હાલતમાં છે. બે વર્ષ પહેલાં આ માર્ગ મંજુર થઈ ગયો છે અને તેનું કામ પણ એજન્સીને આપી દેવામાં આવ્યું છે. પરંતુ કોન્ટ્રાકટરે રસ્તો બનાવ્યો જ નથી. જેના કારણે લોકોમાં અનેક સવાલો ઉઠી રહ્યા છે. અહીં વરસાદ પડતા જ કાદવ-કીચડ છે. અવાર નવાર રજૂઆતો કરવા છતાં કોઈ ઉકેલ આવતો નથી. અહીંથી ૧૦ જેટલી સોસાયટીના ૫૦૦ જેટલા વાહનો દરરોજ પસાર થઈ રહ્યા છે. કોન્ટ્રાકટરના પાપે લોકો હેરાન- પરેશાન થઈ રહ્યા છે. આ બાબતે પાલિકામાં પણ રજૂઆત કરવામાં આવતા કોઈ ધ્યાન આપવામાં આવતુ નથી જેના કારણે વિસ્તારવાસીઓ ભારે હાલાકીનો સામનો કરી રહ્યાં છે.

# ડ્રોનટેકનોલોજીથીદવાનોછંટકાવ કરવાખેડૂતોએઅરજીકરવી

અમરેલી,તા.૩

કૃષિ ક્ષેત્રમાં અદ્યતન ડ્રોન ટેક્નોલોજી (કૃષિ વિમાન)નો ઉપયોગ યોજના અમલી છે. ડ્રોનથી છંટકાવ ઘટક હેઠળ અમરેલી જિલ્લાના ખેડૂતોએ આઈ-ખેડૂત પોર્ટલ www.ikhedut.gujarat.gov.in પર ઓનલાઈન અરજી કરવી. રાજ્યના ખેડૂતોને ડ્રોન દ્વારા પાક સંરક્ષણ, રસાયણ, નેનો યુરિયા, એફ.સી.ઓ માન્ય પ્રવાહી ખાતર, જૈવિક ખાતર છંટકાવનો લાભ મળી રહે તે હેતુથી રાજય સરકાર દ્વારા આ યોજના અમલી છે. જિલ્લાના ખેડૂતોએ આ ઘટકમાં સહાય મેળવવા માટે અરજી કર્યા બાદ તે અરજીની નકલ પોતાની પાસે રાખવી. પૂર્વ મંજૂરી મળ્યેથી અરજીની નકલ સાથે જરુરી સાધનિક દસ્તાવેજ સંબંધિત કચેરીને મોકલવા. વધુ જાણકારી અર્થે સંબંધિત તાલુકાના કે ગામના વિસ્તરણ અધિકારી (ખેતી) અથવા ગ્રામસેવકનો સંપર્ક કરવો, તેમ અમરેલી જિલ્લા ખેતીવાડી અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

# ભાજપમહામંત્રીભરતભાઈમકવાણા દ્વારાઆંગણવાડીકેન્દ્રખાતેવૃક્ષારોપણ

અમરેલી,તા.૩



વડાપ્રધાન નરેન્દ્ર મોદીના "એક પેડ માતા કે નામ" અભિયાનના અનુસંધાનમાં, અમરેલી શહેર ભાજપના મહામંત્રી ભરતભાઈ મકવાણાએ આંગણવાડી કેન્દ્ર નંબર ૧૭૨, ટેલીફોન કવાટર, અમરેલી ખાતે વૃક્ષારોપણ કરીને પોતાનો ફાળો આપ્યો હતો. વૃક્ષો માનવજીવન માટે પણ ખૂબ જ ઉપયોગી છે. તેઓ આપણને શુદ્ધ હવા, છાંયો અને ફળો પ્રદાન કરે છે. વધુમાં, વૃક્ષો વરસાદ લાવવામાં પણ મદદ કરે છે.

# રાહુલ ગાંધીનાંહિંદુવિશેનાનિવેદનને વખોડી કાઢતા યુવા નેતા મનીષ સંઘાણી

અમરેલી,તા.૩

ગુજરાત પ્રદેશ ભારતીય જનતા યુવા મોરચાના ઉપાધ્યક્ષ મનીષ સંઘાણીએ વિપક્ષના નેતા રાહુલ ગાંધી દ્વારા લોકસભામાં હિંદુઓને હિંસક ગણાવતા કરેલા નિવેદનની કડક શબ્દોમાં નિંદા કરી છે. તેમણે જણાવ્યું કે ભારતમાં કરોડો હિંદુઓ રહે છે જે હિંદુ હોવાનું ગૌરવ અનુભવે છે.



વસુધૈવ કુટુંબકમની ભાવનાથી આ કરોડો હિંદુઓ ભારતમાં શાંતિપૂર્વક વસવાટ કરી રહ્યા છે. આ કરોડો હિંદુઓને હિંસક કહીને રાહુલ ગાંધીએ તેમનું અપમાન કર્યું છે. સંઘાણીએ વધુમાં કહ્યું કે રાહુલ ગાંધીને હિંદુઓની ભાવનાઓ અને આસ્થા સાથે રમત રમવાનો કોઈ અધિકાર નથી.

તેમણે માગણી કરી કે રાહુલ ગાંધીએ ભારત દેશના કરોડો હિંદુઓની માફી માંગવી જોઈએ.


**વી. કે. મોટર્સ**

VK MOTORS
Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI

CAR SERVICE <> SPARE <> INSURANCE



તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા

તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.

વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, ચામાહા શો રુમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com


# ધારી નજીક મોરજર ગામમાં સિંહનું ટોળું દેખાતા લોકોમાં ફફડાટ



ધારી,તા.૩

ગુજરાતના અમરેલી જિલ્લાના ધારી તાલુકાના મોરજર ગામ નજીક મોડી રાત્રે ફરી એક વખત સિંહોનું ટોળું દેખાયું હતું. આ ઘટના ગામના CCTV કેમેરામાં કેદ થઈ ગઈ હતી. રેવન્યુ અને ગામના લોકોના અનુમાન મુજબ આ વિસ્તારમાં ઘણા સિંહો હોવાનું માનવામાં આવે છે. સિંહ શિકારની શોધમાં હતા અને તેમની અવરજવર હવે ગામ તરફ થઈ રહી છે. સિંહોના ટોળાનો આ વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે.


સંકુલ ધો. ૬ થી ૮ કુમાર શાળા પ્રવેશ ચાલુ
સંકુલ ધો. ૯ - ૧૦ કુમાર શાળા પ્રવેશ ચાલુ
ધો. ૧૧-૧૨ કોમર્સ કુમાર શાળા પ્રવેશ ચાલુ
ધો. ૧૧-૧૨ સાયંસ કુમાર શાળા આવતી સાલ શરૂ

★ સમય બપોર નાં ૧૨:૪૫ થી ૦૬:૧૫ ★ સીટી અપડાઉન ને પ્રવેશ ★ વ્યાજબી ફી
★ ડેઈલી ટેસ્ટ – રીપીટેડલી – ત્રિ છ ન પરિક્ષા ★ અલગ ગેઈટ બિલ્ડીંગ કમ્પાઉન્ડ

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક ગર્લ્સ સંકુલ (લેઉવા પટેલ), ચક્કરગઢ રોડ- Ad 053


**જાહેર નોટીસ**

ફો.પ.અ.નં. ૧૩૩/૨૦૨૪

**મહે.શ્રી લાઠીના પ્રાંત એવમ નાયબ કલેકટર સાહેબની કોર્ટમાં મુ.લાઠી**

**અરજદાર તર્ફે વિ.વ.શ્રી જી.સી. કોટડીયા રહે લાઠી**

અરજદાર...: મકવાણા નલીનભાઈ ભગવાનભાઈ ઉ.વ. ૫૪, ધંધો મજુરીકામ
ધર્મે હિન્દુ/ લુહાર રહે. લાઠી, તા.લાઠી,જી. અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા...:જન્મ મરણ નોંધણી અધિકારી ચીફ ઓફીસર લાઠી નગરપાલીકા

આથી લાગતા વળગતા સર્વે ને જાણ કરવામાં આવે છે કે, ઉપરોક્ત અરજદારશ્રીની ભત્રીજી લાઠી તાલુકાના લાઠી ગામના રહેવાસી છે. અરજદારની ભત્રીજી **મકવાણા પુર્વિ બટુકભાઈ ની** જન્મ નોંધ કરાવવા માટે અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. અરજદારની ભત્રીજી મકવાણા પુર્વિ બટુકભાઈનો જન્મ જે તે સમયે અમારા નિવાસ સ્થાન લાઠી મુકામે જન્મ તારીખ-**૦૭/૦૭/૧૯૮૭** ના રોજ થયેલ છે જે અંગેની જન્મનોંધણી કરાવવા માટે આ અરજી કરેલ છે. આ અરજી સામે કોઈને વાંધો/ તકરાર કે હરકત હોય તેમણે મુદત તારીખ ૫/૮/૨૦૨૪ ના રોજ અત્રેની કોર્ટ લાઠી પ્રાંત કચેરી નાયબ કલેકટર કચેરી ખાતે બપોરના ૩ કલાકે ઉપસ્થિત રહેવું તેમ કરવામાં કસુર થયે આગળની યોગ્ય તે ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

સ્થળ:- લાઠી.
તારીખ:- ૨/૭/૨૦૨૪

શીરીસ્તેદાર ઓફ લાઠી નાયબ કલેકટર કચેરી
લાઠી પ્રાંત ઓફીસ




KAKA® PVC PROFILE

શ્રેષ્ઠ ક્યારેય સસ્તુ ન હોય, સસ્તુ ક્યારેય શ્રેષ્ઠ ન હોય.

નિર્મળ સાવલીયા
૯૮૭૯૬ ૬૭૭૭૧
સંજય સાવલીયા
૯૯૭૯૯ ૪૨૪૪૨

શ્રી વલ્લભ એન્ટરપ્રાઇઝ

કિચન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ
વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા
ફાયદા : ઉધઈ પ્રુફ, પાણીની કોઈ અસર નહિ
પીવીસી પતરા ઓર્ડર પ્રમાણે મળશે

ઓછા સમયમાં અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું એક આધુનિક પગલું

૪૬ સરદાર શોપિંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી


**મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી,વિસાવદર**

નં.એમએજી/કેસ નં.૧૫/૨૦૨૪ તા.૨૭/૦૬/૨૦૨૪

શ્રી દિનેશભાઈ મનજીભાઈ રતનપરા ....અરજદાર
ઠે.મોટી પીંડાખાઈ, તા. વિસાવદર, જી. જુનાગઢ

-::વિરૂધ્ધ::-

જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી , મોટી પીંડાખાઈ,તા.વિસાવદર ....સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે અરજદારશ્રી દિનેશભાઈ મનજીભાઈ રતનપરા ઠે. મોટી પીંડાખાઈ, તા.વિસાવદર.જી.જુનાગઢ.માતાશ્રી ધોળીબેન મનજીભાઈ રતનપરાનું અવસાન તા.૧૫/૧૦/૨૦૧૭ ના રોજ વિસાવદર તાલુકાના મોટી પીંડાખાઈ મુકામે થયેલ છે. જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી, મોટી પીંડાખાઈ, તા.વિસાવદર ના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રશ્રી,મોટી પીંડાખાઈ તા.વિસાવદરના મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો, હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે.કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો. આજ તા. મી જુન ૨૦૨૪ ના રોજ મારી સહિ તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યુ.

તૈયાર કરનાર
સહી.
(પી.વી. શિગડીયા)
નાયબ મામલતદાર
વિસાવદર

હુકમથી
સહી.
(આઈ.આર.પારગી)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ (ઈ.ચા)
વિસાવદર

**મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી,વિસાવદર**

નં.એમએજી/કેસ નં.૧૪/૨૦૨૪ તા.૨૭/૦૬/૨૦૨૪

શ્રી પ્રકાશભાઈ વલ્લભભાઈ ટાંક ....અરજદાર
ઠે.હનુમાનપરા, હરખાણીવાળી શેરી, તા. વિસાવદર, જી. જુનાગઢ

-::વિરૂધ્ધ::-

જન્મ મરણ રજીસ્ટ્રાર અને ચીફ ઓફીસરશ્રી,વિસાવદર,તા.વિસાવદર ....સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે અરજદારશ્રી પ્રકાશભાઈ વલ્લભભાઈ ટાંક ઠે. હનુમાનપરા,હરખાણીવાળી શેરી,તા.વિસાવદર. જી.જુનાગઢ.મોટાબાશ્રી મણીબેન મોહનભાઈ ટાંકનું અવસાન તા.૧૮/૦૭/૨૦૦૯ ના રોજ વિસાવદર તાલુકાના વિસાવદર મુકામે થયેલ છે.જેની નોંધ જન્મમરણ રજીસ્ટ્રાર અને ચીફઓફીસર શ્રી વિસાવદર,તા.વિસાવદરના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને અને ચીફઓફીસર શ્રી વિસાવદર, તા.વિસાવદરના મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો, હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે.કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો. આજ તા. મી જુન ૨૦૨૪ ના રોજ મારી સહિ તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યુ.

તૈયાર કરનાર
સહી.
(પી.વી. શિગડીયા)
નાયબ મામલતદાર
વિસાવદર

હુકમથી
સહી.
(આઈ.આર.પારગી)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ (ઈ.ચા)
વિસાવદર

# બાબરાના બળેલ પીપરીયા ગામે અનિયમિત વીજળીથી ખેડૂતો પરેશાન

## ખેડૂતોએ અમરેલી વીજ અધિક્ષકને રજૂઆત કરી



અમરેલી,તા.૩

બાબરાનાં બળેલ પીપરીયા ગામનાં ખેડૂતો અનિયમિત વીજળીથી કંટાળીને અમરેલી ખાતે આવેલ પીજીવીસીએલનાં અધિક્ષક ઈજનેરની કચેરીએ આવી પહોંચ્યા હતા અને રોષ વ્યકત કર્યો હતો. ખેડૂતોએ જણાવ્યું કે, બળેલ પીપરીયા ખાતે છેલ્લા ૬ દિવસથી ખેતીવાડી માટે વીજળી મળતી નથી અને જયોતિગ્રામ યોજના હેઠળ રહેણાંક વિસ્તારમાં પણ કલાકો સુધી વીજળી બંધ રહે છે અને છેલ્લા ૫૦ વર્ષથી વીજ વાયરો બદલવામાં આવ્યા ન હોવાથી અવારનવાર વીજ સમસ્યા ઉભી થતી હોય તાકિદે વીજ સમસ્યા દૂર કરવાની માંગ કરી હતી.

# રાજુલા તાલુકાના ધારેશ્વર ગામ નજીક મહાકાય વૃક્ષ ધરાશાયી થતાં રોડ બ્લોક



રાજુલા,તા.૩

ગુજરાતના અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના ધારેશ્વર ગામ નજીક આવેલા ચાંદલીયા ડુંગર પાસે ગઈકાલે રાત્રે પવનના કારણે એક મહાકાય પીપળાનું વૃક્ષ ધરાશાયી થયું હતું. આ ઘટનાના કારણે રાજુલા-વાવેરા માર્ગ બંધ થઈ ગયો હતો, જેનાથી આસપાસના વિસ્તારોમાં વાહનવ્યવહારકને અસર થઈ હતી. આ ઘટનાના સમાચાર મળતાં જ વનવિભાગના રેન્જ ફોરેસ્ટ ઓફિસર એસ.એમ. મકરાણી સહિતનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો. આ ઉપરાંત, રોડ ટ્રાન્સપોર્ટ ડિપાર્ટમેન્ટના કર્મચારીઓ અને રાજુલા પોલીસ પણ ઘટના સ્થળે પહોંચી ગયા હતા. ટીમે તાત્કાલિક રોડ પરથી ટ્રાફિક હટાવી દીધો અને વૃક્ષને હટાવવાની કામગીરી શરૂ કરી હતી. સદનસીબે, આ ઘટનામાં કોઈને ઈજા થઈ નહોતી.

# ધારીમાં ઈલે. આસિસ્ટન્ટને ટાંટીયા ભાંગી નાંખવાની ધમકી આપી

ધારી, તા.૩

ધારીના પ્રેમપરામાં રહેતા અને પેટા વિભાગીય કચેરી-૧ ખાતે ફરજ બજાવતાં અલ્પેશભાઈ ભુપતભાઈ ગેડીયા (ઉ.વ.૩૪)એ નવાગામમાં રહેતા પ્રવિણભાઈ નસીત સામે ફરિયાદ નોંધાવી હતી કે, આરોપીએ તેમને ફોન કરીને જણાવ્યું કે, અરીઠીયા ફીડરમાં પાવર આવતો નથી. તમારા અધિકારીના મોબાઈલ નંબર આપો. જેથી તેમણે અધિકારીના નંબર હું ન આપી શકુ તેમ કહેતા આરોપીને સારૂ નહોતું લાગ્યું અને ઉશ્કેરાઈ ગાળો આપવા લાગ્યા હતા તથા ટાંટીયા ભાંગી નાખવાના છે તેવી ધમકી આપી હતી. ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ.બી.ખાચર વધુ તપાસ કરી રહ્યા છે.

# ધારાસભ્ય કસવાલાના પ્રયત્નોથી સા. કુંડલામાં ક્રિકેટના મેદાનને મંજૂરી

## ક્રિકેટનું મેદાન મંજૂર થતા ખેલાડીઓમાં આનંદની લાગણી

અમરેલી,તા.૩

સાવરકુંડલા પંથકના છેવાડાના ક્રિકેટ પ્રેમીઓમાં રમતગમત પ્રત્યે જાગૃતતા વધે તથા યુવાનોની ક્ષમતા બહાર લાવવાના મુખ્ય ધ્યેય સાથે સાવરકુંડલા શહેર નજીક મહુવારોડ ખાતે સ્પોર્ટ્સ સંકુલની બાજુમાં ૧૫ વિઘામાં ધારાસભ્ય મહેશ કસવાલાની રજૂઆતને ધ્યાને લઈ રાજય સરકારે જિલ્લાનું પ્રથમ ક્રિકેટ ગ્રાઉન્ડ બનાવવા માટે મંજૂરી આપી છે. સાવરકુંડલા પંથકના યુવાનોમા ક્રિકેટ પ્રત્યે જબરો લગાવ છે ત્યારે ક્રિકેટ પ્રેમીઓની લાગણીને ધ્યાને રાખીને ધારાસભ્ય મહેશભાઈ



કસવાલાએ રાજય સરકારમાં રજૂઆત કરીને જિલ્લાનુ પ્રથમ ક્રિકેટ ગ્રાઉન્ડ બનાવવા માટેની મંજૂરી અપાવી છે. ધારાસભ્યની મહેનત રંગ લાવતા ક્રિકેટપ્રેમીઓમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે અને ધારાસભ્ય મહેશ કસવાલાને અભિનંદન પાઠવવામાં આવી રહ્યાં છે.

# સા. કુંડલાના નવાગામ જાંબુડામાં યુવતીએ ગળાફાંસો ખાતા મોત

સાવરકુંડલા, તા.૩

સાવરકુંડલાના નવાગામ જાંબુડા ખાતે રહેતી એક યુવતીએ ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવી દેતાં ચકચાર મચી ગઈ હતી. બનાવ અંગે જીવનભાઈ અરજણભાઈ વાળા (ઉ.વ.૪૬) એ જાહેર કર્યા મુજબ, તેમની પુત્રી ભાવિકાબેન (ઉ.વ.૧૯) પોતાના ઘરે હાજર હતા ત્યારે નાની બહેન દિપાલીબેને મરણજનારના સગાઈના કપડા જે ઘરે ઘોડા ઉપર રાખેલ હતા તે મરણજનારને પૂછયા વગર જોયા હોવાથી સારૂ નહિં લાગતા પોતાની મેળે રૂમમાં જઈ પોતાના ડ્રેસની સફેદ કલરની ચુંદડીનો ગાળીયો બનાવી પંખા સાથે બાંધી પોતાની મેળે કોઈને કહ્યા વગર ગળાફાંસો ખાઈ લેતાં મરણ પામી હતી. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ કે.એસ.સાંખટ વધુ તપાસ કરી રહ્યા છે.

# વ્યાજે આપેલા પૈસા નહીં આપ તો દુકાનનો સામાન ભરી લઈશ કહી ધમકી આપી

## આરોપીને રૂા.૪.૪૭ લાખની સામે રૂા.૫.૫૦ લાખ આપ્યા બાદ પણ ધમકી

સાવરકુંડલા, તા.૩

સાવરકુંડલામાં રહેતો એક યુવકે વ્યાજે લીધેલા પૈસા વ્યાજ સહિત ચૂકવી દીધા હોવા છતાં વધુ પૈસા કઢાવવા માંગતા હોવાથી જો વ્યાજ નહીં આપ તો દુકાનનો સામાન ભરી લઈશ તેમ કહી જાનથી મારવાની ધમકી આપી હતી. બનાવ સંદર્ભે શોયેબભાઈ સલીમભાઈ સેલોત (ઉ.વ.૨૫) એ જગદીશભાઈ સરવૈયા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમણે આરોપી પાસેથી વ્યાજે લીધેલ રૂ.૪,૪૭,૦૦૦ ની રકમ વ્યાજ સહિત રૂ.૫,૫૦,૦૦૦આરોપીને આપી હોવા છતાં વધુ રૂ.૧,૮૦,૦૦૦ ની માંગણી કરી હતી. આરોપી તેની પાસેથી બળજબરીપૂર્વક પૈસા કઢાવવા માંગતા હોવાથી તેમજ પૈસા કે વ્યાજ નહીં આપે તો તારી દુકાનનો સામાન ભરી લઈશ અને તને મારવો પડે તો મારી નાખીશ તેવી ધમકી આપી હતી. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ કિરણભાઈ બકુલભાઈ વધુ તપાસ કરી રહ્યા છે.

# દામનગરમાં તૂટેલી સ્ટ્રીટ લાઈટનો કેબલ બોર્ડમાં ફીટ કરાતાં જાનહાનિ ટળી

દામનગર, તા.૩

દામનગર શહેરમાં સમય સુચક્તાથી જાનહાનિ ટળી હતી. હાઈવે પરનો અચાનક તૂટેલ સ્ટ્રીટ લાઈટનો કેબલ તાત્કાલિક બોર્ડમાં ફીટ કરાતા હાશકારો થયો હતો. દામનગર શહેરમાં મંગળવારે બપોરના સમયે નવા બસ સ્ટેન્ડની સામે ડિવાઈડરમાં ઉભા કરાયેલ સ્ટ્રીટ લાઈટનાં પોલમાં રહેલ કેબલ અચાનક તૂટતા, અતુલ શુક્લે



પી.જી.વી. સી. એલ.નાં કર્મચારી ડાંગરભાઈને જાણ કરી હતી. જેથી આવીને કેબલના આગળનો ભાગ કાપીને, ઈજારદાર હારૂનભાઈને બોલાવી તેઓએ તેમના કર્મચારી સાથે યોગ્ય રીપેરીંગ કરીને પોલમાં રહેલ બોર્ડમાં ફીટ કરતા મોટી જાનહાનિ ટળી હતી.

# બગસરા પંથકની યુવતીના ફોટા એડિટ કરી સોશિયલ મીડિયામાં પોસ્ટ કર્યા

## યુવતીએ આ અંગે અમરેલી સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી

અમરેલી, તા.૩

બગસરા પંથકમાં રહેતી એક યુવતીના ફોટા અન્ય યુવતીએ એડિટ કરી ખરાબ ફોટા બનાવ્યા હતા. બનાવ સંદર્ભે યુવતીએ જુની હળિયાદ ગામની યુવતી સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ આરોપી યુવતી તેના ફોટાના એડિટ કરી ખરાબ ફોટા બનાવી સોશિયલ મીડિયામાં પોસ્ટ કરી તેની પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડી સમાજમાં બદનામ કરવાના ઈરાદે વાયરલ કર્યા હતા.

યુવતીએ આ અંગે અમરેલી સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના પી.આઈ. વી.એમ.કોલાદરા વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦, તિથિ:તેરસ
તા. ૦૪-૦૭-૨૦૨૪, ગુરૂવાર, સૂર્યોદય-૦૫:૨૮,
સૂર્યાસ્ત-૦૭:૨૨, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: મૃગશીર્ષા

## દૈનિક રાશિફળ

તા.૦૪-૦૭-૨૦૨૪ ગુરૂવાર

મેષ: કોઇપણ અપેક્ષિત શુભ પરિણામના આગમનથી મન પ્રસન્ન રહેશે. કોઈ પ્રિય વ્યક્તિ સાથે રમૂજમાં રાતનો સમય પસાર થશે.

વૃષભ: આજે શ્રેષ્ઠ વ્યક્તિ સાથેની મુલાકાતને કારણે મનમાં ખુશી રહેશે. સાંજથી રાત સુધી અનિચ્છનીય મુસાફરીનો યોગ છે.

મિથુન: આજે તમારી શક્તિમાં વધારો થવાને કારણે શત્રુઓનું મનોબળ ઘટશે. તેથી જરૂરિયાતમંદોને શક્ય તેટલી મદદ કરો.

કર્ક: આજે તમે જે પણ કામ કરશો તે સરળતાથી થઈ જશે. પરંતુ ધ્યાનમાં રાખો કે આજે નકામા કાર્યોમાં સમય બગાડો નહીં.

સિંહ: આજે તમારા વિરોધીઓ પરાજિત થશે. આ સાથે તમારું પારિવારિક જીવન પણ સુખી રહેશે. રાજકીય સમર્થન પણ મળશે.

કન્યા: આજે તમે વ્યવસાયમાં પ્રગતિથી ખૂબ જ ખુશ રહેશો. વિદ્યાર્થીઓ બૌદ્ધિક અને માનસિક બોજમાંથી રાહત અનુભવશે.

તુલા: નવી ઓળખાણ કાયમી મિત્રતામાં બદલાશે. સમયનો લાભ લો, આજે તમને તમારી સારી કાર્યશૈલી અને નરમ વર્તનથી લાભ મળશે.

વૃશ્ચિક: સાંસારિક આનંદ અને સન્માનમાં વધારો થશે, ભાગ્યનો વિકાસ યોગ ચાલી રહ્યો છે. આ સાથે નવી શોધોમાં પણ રસ વધશે.

ધન: આજનો દિવસ ખૂબ જ વ્યસ્ત અને તણાવમુક્ત રહેશે. સ્વાસ્થ્ય પણ નરમ રહેશે, તેથી ખાવામાં સાવધાની રાખો.

મકર: તેથી કોઈપણ નિર્ણય લેવામાં ઉતાવળ ના કરો. આજે વ્યાવસાયિક બાબતો વચ્ચે વ્યક્તિગત મતભેદો લાવવાથી નુકસાન થઈ શકે છે.

કુંભ: આજે તમે કોઈ પ્રિયજનના સ્વાસ્થ્યને લઈને ચિંતિત રહેશો. તમારા જુનિયરો પાસેથી કામ મેળવવા માટે, તમારે પ્રેમથી કામ કરાવવું પડશે.

મીન: ખોવાયેલા પૈસા અથવા અટકેલા પૈસા મળશે. કોઈપણ મુશ્કેલ સમસ્યાનો ઉકેલ પરામર્શની શક્તિના આધારે પણ આવશે.

# સા. કુંડલાના નાવલી ચોકીથી કાપેલ ધાર સુધીનો માર્ગ બિસ્માર

સાવરકુંડલા,તા.૩

સાવરકુંડલામાં નાવલી પોલીસ ચોકીથી કાપેલ ધાર સુધીનો રસ્તો છેલ્લા દોઢેક વર્ષથી બિસ્માર હાલતમાં છે. આ રોડમાં હાલમાં ઠેર-ઠેર ખાડાઓ પડી ગયા છે. હાલ ચોમાસાની સીઝન હોય વરસાદી પાણી ભરાવાથી તેમાંથી કાંકરી અને ગંદુ પાણી ઉડીને વેપારીની દુકાનમાં આવે



છે. તેમજ આ રોડ ઉપર આગળ જતા શૈક્ષણિક સંકુલ આવેલ હોય આ રસ્તેથી પસાર થતી વખતે ઘણીવાર બાળકો અને વડીલો આ ખાડાના કારણે પડી જાય છે અને ઈજાગ્રસ્ત થાય છે. તેમજ ખાડાને કારણે વારંવાર અહીં વાહનો વાળાને પણ રકઝક થાય છે. આખરે વેપારીઓ દ્વારા ફરીવાર આ બાબતે ચીફ ઓફિસર-નગરપાલિકાને એક અરજી કરી હતી જેની નકલ કલેકટર કચેરી, અમરેલી માર્ગ અને શહેરી વિકાસ મંત્રાલય, ધારાસભ્ય, સાવરકુંડલા સહિતની કચેરીઓમાં રવાના કરવામાં આવી છે.

# જિલ્લામાંથી ૧૩ પીધેલા પકડાયા

## પોલીસે તમામ દારૂડીયાઓ સામે પ્રોહિબિશનનો ગૂનો નોંધી કાર્યવાહી કરી

અમરેલી, તા.૩

અમરેલી જિલ્લામાંથી પોલીસે વિવિધ સ્થળેથી ૧૩ પ્યાસીને પકડી ધોરણસરની કાર્યવાહી કરી હતી. વઢેરા, દામનગર, ઠાંસા-મુળીયાપાટ ગામની વચ્ચે, મોટા સમઢીયાળા, વંડા, જાફરાબાદ, ધારી, ગુંદરણ, હિંડોરણા, સાવરકુંડલામાંથી મળી પાસ પરમીટ વગર કેફી પીણું પીને ફરતાં ૧૩ ઈસમો ઝડપાયા હતા.

રાજુલામાંથી ૮ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો.

# ગોઢાવદર ગામની પરિણીતાએ સુરતમાં રહેતા પતિ સામે ફરિયાદ નોંધાવી

## અન્ય સાસરિયાએ પણ ત્રાસ આપ્યો

લીલીયા, તા.૩

લીલીયાના ગોઢાવદર ગામની એક યુવતીના લગ્ન મૂળ લાઠીના લુવારીયા ગામના અને હાલ સુરત રહેતા યુવક સાથ થયા હતા. લગ્નના થોડા સમય સુધી બધું બરાબર ચાલ્યું હતું પરંતુ પછી નાની નાની વાતમાં તકરાર થતી હતી. સાસરિયાના સિતમથી કંટાળી પિયર પરત ફર્યા બાદ પરિણીતાએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. કવિતાબેન હિતેષભાઈ પાનશેરીયા (ઉ.વ.૩૦)એ સુરતના નાના વરાછામાં શ્યામધામ ચોકની સંજ્ઞા સોસાયટીમાં રહેતા પતિ હિતેષભાઈ નટુભાઈ પાનશેરીયા, સાસુ વિજયાબેન નટુભાઈ પાનશેરીયા, જેઠ ગિરીશભાઈ નટુભાઈ પાનશેરીયા, નણંદ હર્ષાબેન રમેશભાઈ પડશાળા તથા નણંદોયા રમેશભાઈ વિઠ્ઠલભાઈ પડશાળા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, પતિએ તેમને ગાળો બોલી ઢીકાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપેલ હતી. અન્ય આરોપીએ પણ યેન કેન પ્રકારે શારીરિક તથા માનસિક દુઃખત્રાસ આપી, ઝઘડો-તકરાર કરી અને ઘરેથી જતા રહેવાનું કહ્યું હતું. લીલીયા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ મહેશભાઈ મધુભાઈ વધુ તપાસ કરી રહ્યા છે.

# દામનગરમાં ૧૭૫ વૃક્ષો રોપી ઉછેરની જવાબદારી લેતા યુવાનો

અમરેલી,તા.૩

દામનગર શહેરની વેજનાથનગર સોસાયટીમાં દામનગર સુરત મિત્ર મંડળ દ્વારા વૃક્ષ ઉછેરની મહત્તા સાથે વૃક્ષારોપણ કરાયું હતું. ૧૭૫થી વધુ વૃક્ષોને પાંજરા સાથે વૃક્ષ ઉછેરની જવાબદારી સાથેનું વૃક્ષારોપણ કરાયું હતુ. સુરતથી યુવાનોની ટીમ માદરે વતન આવી પહોંચી હતી ''છોડમાં રણછોડ' ના મંત્ર સાથે સમગ્ર વેજનાથનગર સોસાયટીમાં ૨૦-૨૦ ફૂટના



અંતરે ઉપીયોગી અને ઔષધીય ગુણ ધરાવતા વૃક્ષોનુ વૃક્ષારોપણ કર્યું હતું. દામનગર શહેરના સુરત સ્થિત ઉદારદિલ દાતા પરિવારના આર્થિક સહયોગથી વેજનાથ નગરના લોગા ધરાવતા ટ્રીગાર્ડ સાથે વૃક્ષારોપણ કરાયું હતું. આ તકે સંજય નારોલા, અશ્વિન એમ. નારોલા, સંદીપ પટેલ, દિપક આર. નારોલા સહિત સ્થાનિક યુવાનો વડીલો ઉપસ્થિત રહ્યાં હતા.

તંત્રી લેખ

# ઈસરોની અનોખી સિદ્ધિ: આદિત્યયાન

ઉગતા સૂરજને વંદના કરવા માટે ભારતે છોડેલું આદિત્ય યાન સૂર્યની સમી પહોંચીને તેની એક પરિક્રમા પૂરી કરવાના શુભ સમાચાર પ્રાપ્ત થતા સમગ્ર રાષ્ટ્રમાં આનંદ છવાયો છે. ઈસરોના આદિત્ય અને સૂર્યની એક પ્રદિક્ષણા પૂરી કરી અને રાષ્ટ્રનું નામ વિશ્વના નકશા પર અંકિત કર્યું હતું આદિત્ય L૧ મિશનને લઈને ભારતીય અંતરીક્ષ અનુસંધાન સંગઠન એ એક સારા સમાચાર આપ્યા છે. આદિત્ય -૧ અવકાશયાને સુર્ય અને પૃથ્વીની વચ્ચે લૈગ્રેજીયન બિંદુ એટલે હેલો ઓર્બિટનું એક ચક્કર પૂર કરી લીધું છે. ‘‘આજે આદિત્ય-L૧ એ આબિંદુની આસપાસ તેની પ્રથમ પ્રભામંડળની ભ્રમણકક્ષા પૂર્ણ કરી. આ વર્ષે ૬ જાન્યુઆરીએ અવકાશયાન લેગ્રાંગિયન બિંદુ પર પહોંચ્યું. આ પછી અવકાશયાન હાલો ભ્રમણકક્ષાની આસપાસ એક ભ્રમણકક્ષા પૂર્ણ કરવામાં ૧૭૮ દિવસ લાગ્યા. આદિત્ય અવકાશયાન પૃથ્વીથી લગભગ ૧.૫ મિલિયન કિલોમીટર દૂર પૃથ્વી અને સૂર્યની વચ્ચે લેગ્રેંગિયન બિંદુ ૧ ની આસપાસ પ્રભામંડળની કક્ષામાં પરિક્રમણ કરી રહ્યું છે. આ મિશન દ્વારા વાતાવરણ, સૌર ચુંબકીય તોફાનો અને પૃથ્વીની આસપાસના પર્યાવરણ પર તેની અસરોનો અભ્યાસ કરવામાં આવી રહ્યો છે. આ મિશન પાછળ ઈસરોના અનેક ઉદ્દેશ્યો રહેલા છે. જેમ પૃથ્વી પર ભૂકંપ થાય છે તેવી જ રીતે સૌર ધરતીકંપો પણ થાય છે જેને કોરોનલ માસ ઈજેક્શન કહેવામાં આવે છે. સૌર કંપનનો અભ્યાસ કરવા માટે સૂર્યનું અવલોકન આવશ્યક છે. ભારતનું પ્રથમ સૌર મિશન ‘આદિત્ય’ સૂર્યના ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્યની શોધ કરવા માટે સાત પેલોડ ધરાવે છે.લેંગ્રેજ પોઈન્ટ એ ક્ષેત્ર છે જ્યાં પૃથ્વી અને સૂર્ય વચ્ચેનું ગુરુત્વાકર્ષણ તટસ્થ બની જશે. હેલો કક્ષામાં L૧ બિંદુની આસપાસ ઉપગ્રહો દ્વારા સતત જોઈ શકાય છે. આ સૌર ગતિવિધિઓ અને વાસ્તવિક સમયમાં અવકાશના હવામાન પર તેની અસર વિશે માહિતી આપશે. આ મિશનનો ઉદ્દેશ સૌર વાતાવરણમાં ગતિશીલતા, સૂર્યના પરિમંડળમાં ગરમી, સૂર્યની સપાટી પર સૌર ભૂકંપ, સૂર્યના જ્વાળા સંબંધિત પ્રવૃત્તિઓ અને તેમની લાક્ષણિકતાઓ અને અવકાશમાં હવામાનની સમસ્યાઓને વધુ સારી રીતે સમજવાનો છે. આદિત્ય યાન સૂર્યનો અભ્યાસ કરશે. આદિત્ય મિશનનો ધ્યેય સૂર્યનો અભ્યાસ કરવાનો છે. આ મિશન સાત પેલોડ વહન કરે છે, જે વિવિધ તરંગ બેન્ડમાં ફોટોસ્ફિયર, રંગમંડળ (સૂર્યની દશ્યમાન સપાટીની ઉપર) અને સૂર્યના સૌથી બહારના સ્તર પર સંશોધનમાં મદદ કરશે. તમને જણાવી દઈએ કે સૂર્યનો અભ્યાસ કરવો ખૂબ જ પડકારજનક છે, કારણ કે તેની સપાટીનું તાપમાન લગભગ ૯,૯૪૧ ડિગ્રી ફેરનહીટ છે. અત્યાર સુધી સૂર્યના બાહ્ય તાપમાન માપવામાં આવ્યું નથી. આને ધ્યાનમાં રાખીને, આદિત્ય L૧ને ભ્રમણકક્ષામાં મૂકવામાં આવ્યું છે, જે ૧૫ લાખ કિલોમીટરના અંતરે સ્થિત છે, જે પૃથ્વી અને સૂર્ય વચ્ચેના કુલ અંતરના લગભગ એક ટકા જેટલુંઆદિત્ય-એલ૧ એ સૂર્યના વ્યાપક અભ્યાસ માટે સમર્પિત ઉપગ્રહ છે. તેમાં ૭ અલગ-અલગ પેલોડ્સ વિકસિત છે, જે બધા સ્વદેશી રીતે વિકસિત છે. પાંચ ઈસરો દ્વારા અને બે ભારતીય શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા ઈસરોના સહયોગથી. સંસ્કૃતમાં આદિત્યનો અર્થ થાય છે સૂર્ય. L૧ અહીં સૂર્ય-પૃથ્વી સિસ્ટમના લેગ્રેન્જ પોઈન્ટ ૧ નો સંદર્ભ આપે છે.

# જમ્મુ કાશ્મીરમાં હવે વિકાસનો સૂર્યોદય



પંડિત નહેરુનો કાશ્મીરના વિલીનીકરણ કરતા શેખ અબ્દુલ્લાને સત્તા સોંપવા બાબતમાં ખૂબ મોટો દુરાગ્રહ હતો તેમના આ દુરાગ્રહને કારણે મહત્વના બે દિવસ પસાર થઈ ગયા જો પંડિત નહેરુએ સમયસર ભારતની સેનાને મોકલી હોત તો કાશ્મીરનો એક મોટો ભાગ આજે પાકિસ્તાનના કબજામાં ન હોત આનો સૌથી વધુ ઉગ્ર વિરોધ સરદાર પટેલે કર્યો હતો

પ્રાસંગિક
સુરેશ દેસાઈ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ યોગ દિવસની ઉજવણી જમ્મુ કાશ્મીરમાં કરી અને આ શુભ દિવસથી સિદ્ધ થઈ ગયું કે જમ્મુ કાશ્મીરમાંથી આતંક અને અલગતાવાદ નો અંધકાર ભર્યો યુગ સમાપ્ત થયો છે. ઈતિહાસમાં નજર નાખીએ તો આમ મહાભારત કાળથી આરંભાયેલા કાશ્મીરના ભવ્ય અને ગૌરવમય ઈતિહાસના અંતિમ ચરણમાં ઝનૂની અને અત્યાચારી હાજી કરીમખાન, અસદ ખાન અને જબ્બારખાન એ ત્રણ અત્યાચારીઓએ હિન્દુઓ ઉપર અસહ્ય અત્યાચારો કર્યા હતા. પરંતુ વર્ષ ૧૮૧૯માં મહારાજા રણજીતસિંહે અત્યાચારી જબ્બારખાનને હરાવીને કાશ્મીર ઉપર માનવીય શાસનની પુનઃ સ્થાપના કરી. તે પછીના હિન્દુ શાસકોએ કાશ્મીરને પુનઃ સ્વર્ગ બનાવી દીધું. આ શાસકોમાં શીખ સૂબેદાર કૃપારામ તથા ડોગરા શાસક ગુલાબસિંહ પ્રજાવત્સલ રાજા તરીકે પ્રસિદ્ધ છે. મહારાજા રણજીતસિંહના વીર સેનાપતિ જોરાવરસિંહે કાશ્મીરની સીમાઓ લદાખ અને બાલ્ટિસ્થાન સુધી વિસ્તારી તિબેટ ઉપર તેઓ વિજયધ્વજ લહેરાવવામાં સફળ થાય તે પૂર્વે જ પ્રચંડ હિમવર્ષામાં ઈતિહાસના એક પરાક્રમી સેનાપતિનું મૃત્યુ થયું. જોરાવરસિંહ જીવિત રહ્યા હોત તો તિબેટ આજે ભારતનો ભૂભાગ હોત! ઈતિહાસની એક ભુલાયેલી કહાની સમાપ્ત થઈ ચૂકી છે પરંતુ આઝાદી મળ્યા પછી જે કંઈ બન્યું તે ભારતના રાજકીય ઈતિહાસની સૌથી મોટી ભૂલ હતી અને આ ભૂલ તે સમયના લોકપ્રિય વડાપ્રધાન પંડિત નહેરુએ કરી જો તેને સરદાર પટેલની વાત માની હોત તો આજે જમ્મુ કાશ્મીર અખંડ હોત. જમ્મુ અને કાશ્મીર ભારતનું સૌથી ઉત્તરમાં આવેલ રાજ્ય હતું. કાશ્મીરનો પ્રદેશ ત્યાંના કુદરતી સૌંદર્યને કારણે પૃથ્વી પરના સ્વર્ગ તરીકે વિશ્વભરમાં જાણીતો છે. ભારત સરકારે ૫ ઓગસ્ટ, ૨૦૧૯ના રોજ જમ્મુ-કાશ્મીરને વિશેષાધિકાર આપતી બંધારણની કલમ ૩૭૦ અને ૩૫ Aને હટાવી અને રાજ્યને બે ભાગમાં વહેંચી નાખવાનો નિર્ણય લીધો. ૨૭ ફેબ્રુઆરી, ૧૯૯૪માં પાકિસ્તાને સંયુક્ત રાષ્ટ્ર માનવ અધિકાર આયોગમા ઓર્ગેનાઈઝેશન ઓફ ઈસ્લામિક કો. ઓપરેશન (OIC) દ્વારા કાશ્મીરમાં થઈ રહેલા કથિત માનવ અધિકાર ભંગ વિરુદ્ધ ભારતની ટીકા કરતો પ્રસ્તાવ મુકવામાં આવ્યો હતો. ભારત માટે આ ઘડી સંકટની હતી, કારણ કે જો આ નિંદા પ્રસ્તાવ પાસ થઈ જાય તો ભારતને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદનાં (UNSC) મોટા આર્થિક પ્રતિબંધોનો સામનો કરવો પડત. તે સમયે કેન્દ્રમાં પી.વી.નરસિંહા રાવની સરકાર હતી અને એક એવા વ્યક્તિની જરૂર હતી જે સંયુક્ત રાષ્ટ્ર માનવ અધિકાર આયોગમાં ભારત તરફી વાતાવરણ ઊભું કરી શકવામાં સક્ષમ હોય. જિનિવામાં ભારતના પ્રતિનિધિત્વ માટે સાવધાનીપૂર્વક ટીમ બનાવી, જેમાં અટલબિહારી વાજપેયીજીને પણ સામેલ કરવામાં આવ્યા. વાજપેયીજી તે સમયે વિપક્ષના નેતા હતા. પરંતુ પી. વી. નરસિંહા રાવે રાજનીતિથી ઉપર દેશહિતને મહત્ત્વ આપ્યું. એટલું જ નહીં તેઓએ વાજપેયીજી સાથે ઉદાર ઈસ્લામિક દેશોનો સંપર્ક શરૂ કર્યો. ઓઆઈસીના પ્રભાવશાળી ૬ સદસ્ય દેશ ભારત આવ્યા અને અન્ય પશ્ચિમી દેશોના રાજદૂતોને પણ દિલ્હી બોલાવવામાં સફળતા મળી, જેનું પરિણામ એ આવ્યું કે મતદાનના દિવસે જે દેશો પાકિસ્તાનને સમર્થન આપશે તેવી આશા હતી તેઓએ પોતાના હાથ પાછા ખેંચી લીધા. ઈન્ડોનેશિયા, સીરિયા, લિબિયા, ઈરાને પણ પાકિસ્તાનને ઝટકો આપ્યો. ચીને પણ ભારતનો સાથ આપ્યો. પોતાના બે મોટા સમર્થક ચીન અને ઈરાનનું સમર્થન ગુમાવ્યા બાદ પાકિસ્તાનને એ પ્રસ્તાવ પરત ખેંચવો પડયો. આમ ૧૯૯૪ની ભારતની એ સર્વપક્ષીય એકતાએ આંતરરાષ્ટ્રીય સ્તરે પાકિસ્તાનને જબરજસ્ત પછડાટ આપી. હાલના રાજકીય પક્ષોએ પી.વી.નરસિંહા રાવ અને અટલજી પાસેથી દેશહિતની રાજનીતિનો પાઠ શીખવા જેવો છે. ધારા ૩૭૦ અને ૩૫-એની નાબૂદી બાદનું વર્તમાન કાશ્મીર નોખું-અનોખું છે અને ભવિષ્યનું કાશ્મીર પણ ઐતિહાસિક હશે. કાશ્મીર હાલમાં વિકાસની દિશામાં પડખું ફરી રહ્યું છે.જમ્મુ – કાશ્મીરને લઈને ભારતમાં અને આંતરરાષ્ટ્રીય ફલક પર વિભિન્ન પ્રકારની ચર્ચાઓ થઈ રહી છે. કેટલાંક લોકો આ ચર્ચાને જાણી જોઈને બીજી દિશામાં વાળી રહ્યા છે, તો કેટલાક વળી જમ્મુ, કાશ્મીર અને લદ્દાખની રાજનીતિ કે ભૂગોળથી પણ પરિચિત નથી. આવા સંજોગોમાં સત્ય જાણી, સમજી, પરખીને દુનિયા સામે મૂકવાની જવાબદારી મુખ્ય ધારાના મીડિયા તંત્રની છે. આથી રાષ્ટ્રીય સ્તર પર નેશનલ યુનિયન ઓફ જર્નાલિસ્ટ (ઇન્ડિયા)નું ગઠન થયું. ૫મી ઓગસ્ટ- ૨૦૧૯ના રોજ ધારા ૩૭૦ અને ૩૫-એ નાબૂદ થઈ પછી ક્યાં વિકાસનો સૂર્યોદય થયો છે જમ્મુ, કાશ્મીર અને લદ્દાખનો ઈતિહાસ, ભૂગોળ, રક્ષકો, અપરાધીઓ, કાશ્મીરી પંડિતોની પીડા, કાશ્મીરની રક્ષામાં સંઘનું યોગદાન, કાશ્મીર અંગેના નિર્ણયને વૈશ્વિક સમર્થન, જાણીતાં ધાર્મિક સ્થાનો, પડકારજનક લશ્કરી જીવન, કાશ્મીર અને જાસૂસી, આતંકવાદ, અલગાવવાદ અને કાશ્મીરી મીડિયા, કલમ ૩૭૦નો ઉદય અને અસ્ત, ૩૭૦ પછીના પડકારો, આર્થિક-ભૌગોલિક વિકાસ, કાયદો-વ્યવસ્થા, કાશ્મીરીયત, પર્યટન, કાશ્મીરનો વર્તમાન અને ભાવિ વિકાસ જેવા મુદ્દાથી નવા યુગની શરૂઆત થઈ છે કેન્દ્ર સરકારનો એ જ પ્રયત્ન છે કે કાશ્મીર યથાશીઘ્ર શાંતિના પથ પર આગળ ધપે અને ત્યાં ઔદ્યોગિક, વ્યાપારિક, શૈક્ષણિક તથા પર્યટન સંબંધિત વિવિધ થાય.કેન્દ્ર સરકાર મુખ્યત્વે એજ્યુકેશન, ટૂરિઝમ અને સોલર એનર્જી પર વિશેષ ધ્યાન આપી રહી છે. અત્યાર સુધી આતંકવાદને કારણે દબાયેલો ઔદ્યોગિક વિકાસ હવે ફૂલશે-ફાલશે, બહારના લોકો અહીં ઉદ્યોગ સ્થાપવા આગળ આવશે. ઘાટીમાં હસ્તકલા, સૂચના પ્રૌદ્યોગિકી સહિત પર્યાવરણને અનુકૂળ ઉદ્યોગ વ્યવસાયોને આમંત્રિત કરી આર્થિક ગતિવિધિઓનું વિકેન્દ્રીકરણ કરી જમ્મુ-કાશ્મીરનાં અંતરિયાળ વિસ્તારો સુધી સમૃદ્ધિ અને વિકાસની નવી લહેરો પહોંચાડવા અને રોજગારીના નવા અવસરો ઊભા કરવા સરકારે કમર કસી છે. જમ્મુ-કાશ્મીરના લોકોની વિકાસની આકાંક્ષાઓ પૂરી કરવા ટૂંક સમયમાં જ મૂડીરોકાણની નીતિઓ પણ જાહેર કરશે. પરંતુ સર્વાંગી વિકાસ માટે જરૂરી સમય ચોક્કસ લાગશે.



# માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ | ૧૪૧૦ | ૧૫૭૬ |
| ઘઉં લોકવન | ૫૩૦ | ૫૬૦ |
| ઘઉં ટુકડા | ૫૨૨ | ૫૬૨ |
| જુવાર સફેદ | ૭૭૦ | ૮૯૫ |
| જુવાર લાલ | ૭૫૦ | ૯૦૦ |
| બાજરી | ૩૮૦ | ૪૪૦ |
| તુવેર | ૧૬૩૦ | ૨૩૭૨ |
| ચણા પીળા | ૧૧૫૫ | ૧૩૦૦ |
| ચણા સફેદ | ૧૪૫૧ | ૨૩૨૧ |
| અડદ | ૧૬૭૧ | ૧૯૪૬ |
| મગ | ૧૪૩૫ | ૧૬૭૦ |
| વાલ દેશી | ૧૦૦૦ | ૧૭૫૦ |
| વાલ પાપડી | ૧૦૦૦ | ૧૮૫૦ |
| ચોળી | ૧૨૫૦ | ૩૦૫૦ |
| વટાણા | ૭૨૫ | ૧૯૫૦ |
| સીંગદાણા | ૧૫૫૦ | ૧૭૧૦ |
| મગફળી જાડી | ૧૧૫૦ | ૧૨૮૮ |
| મગફળી જીણી | ૧૧૪૫ | ૧૨૫૦ |
| તલી | ૨૩૦૦ | ૨૬૦૦ |
| સુરજમુખી | ૬૦૩ | ૬૦૩ |
| એરંડા | ૧૦૫૨ | ૧૧૪૪ |
| અજમો | ૧૧૫૦ | ૨૫૫૦ |
| સુવા | ૧૩૦૦ | ૧૭૨૦ |
| સોયાબીન | ૮૨૬ | ૮૮૦ |
| સીંગફાડા | ૧૧૫૦ | ૧૫૩૦ |
| કાળા તલ | ૨૯૭૫ | ૩૨૧૫ |
| લસણ | ૧૫૫૦ | ૩૧૫૦ |
| ધાણા | ૧૨૦૦ | ૧૪૨૦ |
| ધાણી | ૧૨૫૦ | ૧૫૩૧ |
| વરીયાળી | ૧૦૦૦ | ૧૩૯૮ |
| જીરૂ | ૪૫૦૦ | ૫૪૮૬ |
| રાય | ૧૧૨૦ | ૧૩૧૦ |
| મેથી | ૯૯૦ | ૧૪૦૦ |
| ઇસબગુલ | ૧૮૦૦ | ૨૨૨૫ |
| કલોંજી | ૩૧૦૦ | ૩૮૨૦ |
| રાયડો | ૯૮૦ | ૧૦૫૦ |
| રજકાનું બી | ૪૪૦૦ | ૫૩૦૦ |
| ગુવારનું બી | ૯૬૦ | ૯૯૫ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| કેરી કાચી | ૪૦૦ | ૬૦૦ |
| લીંબુ | ૪૫૦ | ૧૦૫૦ |
| તરબુચ | ૧૫૦ | ૩૦૦ |
| બટેટા | ૩૦૦ | ૬૨૫ |
| ડુંગળી સુકી | ૨૧૦ | ૬૩૦ |
| ટમેટા | ૬૦૦ | ૧૧૦૦ |

| | | |
|---|---|---|
| સુરણ | ૧૩૦૦ | ૧૫૦૦ |
| કોથમરી | ૧૪૦૦ | ૨૫૦૦ |
| મૂળા | ૩૫૦ | ૫૦૦ |
| રીંગણા | ૨૦૦ | ૪૦૦ |
| કોબીજ | ૪૫૦ | ૬૦૦ |
| ફ્લાવર | ૬૫૦ | ૮૦૦ |
| ભીંડો | ૭૦૦ | ૮૫૦ |
| ગુવાર | ૧૨૦૦ | ૧૬૦૦ |
| ચોળાસીંગ | ૮૦૦ | ૧૦૦૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૧૧૦૦ |
| દુધી | ૨૪૦ | ૩૬૦ |
| કારેલા | ૯૦૦ | ૧૧૦૦ |
| સરગવો | ૯૫૦ | ૧૪૦૦ |
| તુરીયા | ૭૦૦ | ૧૧૦૦ |
| પરવળ | ૭૫૦ | ૯૫૦ |
| કાકડી | ૪૫૦ | ૭૦૦ |
| ગાજર | ૨૫૦ | ૪૦૦ |
| ગલકા | ૩૪૦ | ૪૬૦ |
| બીટ | ૩૦૦ | ૬૦૦ |
| મેથી | ૧૦૦૦ | ૧૫૦૦ |
| ડુંગળી લીલી | ૧૨૦૦ | ૧૫૦૦ |
| આદુ | ૧૮૦૦ | ૨૨૦૦ |
| મરચા લીલા | ૭૦૦ | ૧૨૦૦ |
| મગફળી લીલી | ૮૦૦ | ૧૨૫૦ |
| મકાઇ લીલી | ૩૦૦ | ૫૦૦ |
| **અમરેલી** | | |
| શગ મઠડી | ૧૦૫૨ | ૧૧૬૪ |
| શિંગ મોટી | ૯૦૦ | ૧૨૪૮ |
| શિંગદાણા | ૧૩૦૦ | ૧૮૯૫ |
| શિંગ ફાડા | ૧૨૦૦ | ૧૫૪૮ |
| તલ સફેદ | ૧૦૦૦ | ૨૫૫૪ |
| તલ કાળા | ૧૮૦૦ | ૩૦૭૫ |
| તલ કાશ્મીરી | ૩૧૦૦ | ૩૩૦૨ |
| બાજરો | ૩૮૨ | ૪૫૩ |
| જુવાર | ૪૦૦ | ૮૧૩ |
| ઘઉં ટુકડા | ૪૫૭ | ૬૦૧ |
| ઘઉં લોકવન | ૪૬૦ | ૫૭૧ |
| મગ | ૧૧૦૦ | ૧૫૮૫ |
| ચણા | ૧૦૬૫ | ૧૨૭૫ |
| તુવેર | ૧૫૦૦ | ૨૧૧૦ |
| વાલ | ૧૦૪૫ | ૧૮૪૪ |
| કપાસ | ૯૦૦ | ૧૫૨૩ |
| એરંડા | ૯૭૦ | ૧૦૯૭ |
| જીરું | ૪૨૫૦ | ૫૩૦૦ |
| રાય | ૮૩૫ | ૧૧૩૫ |
| ધાણા | ૮૦૫ | ૧૩૪૫ |

| | | |
|---|---|---|
| મેથી | ૬૮૦ | ૧૧૧૮ |
| સોયાબીન | ૬૫૦ | ૮૫૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૩૩૦ | ૫૪૦ |
| રીંગણાં | ૨૦૦ | ૩૦૦ |
| ફુલાવર | ૮૦૦ | ૧૦૦૦ |
| કોબીજ | ૫૦૦ | ૬૦૦ |
| ટામેટા | ૧૨૦૦ | ૧૪૦૦ |
| સુરણ | ૧૨૦૦ | ૧૪૪૫ |
| ગાજર | ૫૫૦ | ૬૫૦ |
| દૂધી | ૨૫૦ | ૩૦૦ |
| કરેલા | ૮૦૦ | ૯૦૦ |
| ગલકા | ૨૫૦ | ૪૦૦ |
| કાકડી | ૫૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૧૨૫૦ | ૧૩૫૦ |
| ચોળાલીલાં | ૯૦૦ | ૧૦૦૦ |
| તુરીયા | ૯૫૦ | ૧૧૦૦ |
| ભીંડો | ૮૦૦ | ૯૦૦ |
| આદુ | ૨૦૦૦ | ૨૦૦૦ |
| કોથમીર | ૧૫૦૦ | ૧૬૦૦ |
| મેથીભાજી | ૯૦૦ | ૧૦૦૦ |
| ફુદીનો | ૫૫૦ | ૬૫૦ |
| ટીંડોરા | ૮૫૦ | ૧૦૦૦ |
| બીટ | ૪૦૦ | ૫૦૦ |
| લીમડો મીઠો | ૧૦૦ | ૧૨૦ |
| મરચા લીલા | ૮૫૦ | ૧૨૦૦ |
| ડુંગળી સૂકી | ૨૦૦ | ૫૦૦ |
| મકાઈ | ૩૦૦ | ૪૦૦ |
| લીંબુ | ૮૦૦ | ૧૦૦૦ |
| પાલક | ૯૦૦ | ૧૦૦૦ |
| **ગોંડલ** | | |
| કપાસ બી. ટી. | ૧૧૦૧ | ૧૫૨૬ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૯૧ |
| ઘઉં ટુકડા | ૪૯૦ | ૫૮૬ |
| મગફળી જીણી | ૯૦૧ | ૧૨૫૧ |
| સિંગદાણા જાડા | ૧૪૫૧ | ૧૭૪૧ |
| સિંગ ફાડીયા | ૧૦૦૦ | ૧૪૬૧ |
| એરંડા / એરંડી | ૧૦૦૦ | ૧૧૫૬ |
| જીરૂ | ૩૨૦૧ | ૫૪૧૧ |
| કલોંજી | ૧૭૫૧ | ૩૭૮૧ |
| વરીયાળી | ૯૭૬ | ૧૨૨૬ |
| ધાણા | ૯૫૧ | ૧૬૮૧ |
| લસણ સુકું | ૧૦૯૧ | ૩૬૮૧ |
| ડુંગળી લાલ | ૧૫૧ | ૬૨૧ |
| અડદ | ૧૧૫૧ | ૧૯૧૧ |
| તુવેર | ૧૫૦૦ | ૨૨૫૧ |

| | | |
|---|---|---|
| રાયડો | ૯૯૧ | ૧૦૨૧ |
| રાય | ૧૧૫૧ | ૧૨૩૧ |
| મેથી | ૯૨૬ | ૧૧૩૧ |
| કાંગ | ૩૫૧ | ૯૦૧ |
| ગુવાર બી | ૯૨૬ | ૯૫૧ |
| મગફળી જાડી | ૭૫૧ | ૧૩૦૦ |
| સફેદ ચણા | ૧૩૦૧ | ૨૨૮૧ |
| મગફળી નવી | ૮૫૧ | ૧૩૩૬ |
| તલ – તલી | ૧૮૦૦ | ૨૫૫૧ |
| ઇસબગુલ | ૧૮૦૦ | ૨૨૪૧ |
| ધાણી | ૧૦૨૬ | ૧૭૫૧ |
| બાજરો | ૩૭૧ | ૪૧૧ |
| જુવાર | ૨૫૧ | ૮૬૧ |
| મકાઇ | ૫૩૧ | ૫૪૧ |
| મગ | ૧૨૪૧ | ૧૭૦૧ |
| ચણા | ૧૧૦૧ | ૧૩૧૧ |
| વાલ | ૫૬૧ | ૧૭૫૧ |
| ચોળા / ચોળી | ૯૦૧ | ૨૮૫૧ |
| સોયાબીન | ૮૦૦ | ૮૬૧ |
| ગોગળી | ૯૦૧ | ૧૧૫૧ |
| વટાણા | ૨૧૬૧ | ૨૧૬૧ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૧૦૦ | ૧૧૯૦ |
| શીંગ મોટી | ૧૧૦૦ | ૧૨૦૦ |
| શીંગ દાણા | ૧૬૦૦ | ૨૦૦૧ |
| તલ સફેદ | ૨૨૦૦ | ૨૫૫૧ |
| તલ કાળા | --- | ૩૧૧૧ |
| જીરૂ | ૪૭૦૦ | ૫૪૭૧ |
| કપાસ | ૧૩૫૦ | ૧૫૦૫ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૫૧૩ |
| ઘઉં ટુકડા | ૪૬૦ | ૫૪૫ |
| બાજરો | ૪૦૦ | ૪૪૫ |
| જુવાર | ૪૫૦ | ૮૬૦ |
| મગ | ૧૪૫૦ | ૧૬૧૦ |
| અડદ | ૧૮૦૦ | ૧૯૪૫ |
| ચણા | ૧૧૦૦ | ૧૩૦૮ |
| તુવેર | ૨૦૦૦ | ૨૩૦૫ |
| એરડી | ૧૦૦૦ | ૧૧૧૪ |
| મેથી | ૧૦૦૦ | ૧૧૦૦ |
| રાય-રાયડો | ૮૫૦ | ૯૦૦ |
| ધાણા | ---- | ૧૧૦૮ |
| **ભેસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૦૦ |
| ઘઉં | ૪૦૦ | ૫૪૦ |
| મગ | ૯૦૦ | ૧૫૨૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૨૭૦ |

| | | |
|---|---|---|
| મગફળી | ૬૦૦ | ૧૧૬૫ |
| શિંગ દાણા | ૧૬૦૦ | ૨૧૫૦ |
| શિંગ ફાડા | ૧૩૦૦ | ૧૪૮૫ |
| એરંડા | ૧૦૦૦ | ૧૦૫૪ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૪૮૫ |
| ધાણા | ૧૦૦૦ | ૧૪૦૦ |
| સોયાબીન | ૭૦૦ | ૮૪૪ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૨૬૬ | ૧૫૭૪ |
| મગફળી | ૧૦૭૫ | ૧૧૩૫ |
| મગ | ૧૪૫૫ | ૧૬૫૫ |
| જીરૂ | ૪૬૯૦ | ૫૩૧૦ |
| ઘઉં | ૪૯૦ | ૫૫૦ |
| તલ સફેદ | ૨૩૮૫ | ૨૪૪૫ |
| **ધારી** | | |
| કપાસ | ૧૪૫૨ | ૧૪૫૨ |
| ચણા | ૧૦૨૫ | ૧૨૫૨ |
| તુવેર | ૨૦૨૨ | ૨૦૨૨ |
| મગ | ૧૫૦૦ | ૧૫૦૦ |
| શીંગદાણા | ૧૪૯૦ | ૧૬૦૫ |
| તલ | ૨૩૦૦ | ૨૩૦૦ |
| વરીયાળી | ૧૬૦૦ | ૧૬૦૦ |
| **રાજુલા** | | |
| શીંગ | ૮૦૦ | ૧૧૭૦ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૫૬૦ |
| કપાસ | ૧૦૦૧ | ૧૫૩૦ |
| બાજરો | ૪૧૧ | ૪૮૬ |
| ઘઉ ટુકડા | ૪૦૦ | ૫૭૬ |
| જુવાર | ૫૦૧ | ૯૦૦ |
| ચણા | ૧૧૦૦ | ૧૨૭૦ |
| જીરૂ | ૪૨૫૦ | ૪૨૫૦ |
| એરંડી | ૯૫૦ | ૯૫૦ |
| શીંગદાણા | ૧૭૦૦ | ૧૯૧૦ |
| સોયાબીન | ૮૧૧ | ૮૧૧ |
| ધાણા | ૧૧૦૦ | ૧૨૦૧ |
| ગમ ગુવાર | ૭૦૦ | ૭૦૦ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૩૦૨ | ૧૩૦૨ |
| જુવાર સફેદ | ૮૬૫ | ૮૬૫ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૪૨૫ |
| ચણા | ૧૨૨૦ | ૧૨૪૦ |
| મગ | ૧૩૯૦ | ૧૫૭૫ |
| ઘઉં લોકવન | ૪૩૯ | ૫૩૦ |
| ઘઉં ટુકડા | ૪૬૨ | ૫૦૦ |
| તલ સફેદ | ૨૨૩૫ | ૨૪૨૦ |

| | | |
|---|---|---|
| સોયાબીન | ૮૦૦ | ૮૩૧ |
| જુવાર | ૪૦૦ | ૭૧૨ |
| લસણ | ૨૩૦૦ | ૨૩૦૦ |
| મગફળી | ૮૪૦ | ૧૦૦૦ |
| શીંગદાણા | ૧૫૧૫ | ૧૬૯૦ |
| ધાણા | ૧૧૫૦ | ૧૩૦૦ |
| એરંડી | ૭૪૫ | ૧૦૦૫ |
| તલ કાળા | ૧૪૦૦ | ૨૮૦૦ |
| ચણા સફેદ | ૧૨૫૦ | ૧૨૫૦ |
| મકાઇ | ૪૬૦ | ૪૬૦ |
| શીંગ ફાડા | ૧૩૭૦ | ૧૪૦૫ |
| **મહુવા** | | |
| શીંગ મગડી | ૧૧૭૫ | ૧૨૬૨ |
| શીંગ નં ૩૨ | ૯૫૦ | ૧૧૯૨ |
| શીંગ જી-૨૦ | ૮૧૧ | ૧૨૫૨ |
| એરંડા | ૩૪૮ | ૧૧૦૭ |
| જુવાર | ૩૯૬ | ૯૦૬ |
| બાજરી | ૩૭૪ | ૫૫૧ |
| ઘંઉ ટુકડા | ૪૬૦ | ૫૭૦ |
| મકાઈ | ૪૨૧ | ૪૬૨ |
| અડદ | ૧૫૧૦ | ૧૯૩૧ |
| મગ | ૧૫૮૫ | ૧૮૪૦ |
| સોયાબીન | ૮૩૫ | ૮૪૯ |
| કાંગ | ૧૦૦૧ | ૧૦૦૧ |
| ચણા | ૭૫૦ | ૧૩૩૧ |
| તલ સફેદ | ૨૧૫૫ | ૨૫૬૮ |
| તલ કાળા | ૩૦૫૦ | ૩૦૫૦ |
| તુવેર | ૧૦૨૦ | ૧૯૮૫ |
| જીરૂ | ૪૯૦૦ | ૪૯૦૦ |
| ડુંગળી લાલ | ૧૧૦ | ૬૧૧ |
| ડુંગળી સફેદ | ૧૬૦ | ૩૧૬ |
| કપાસ | ૭૩૫ | ૧૩૦૧ |
| નાળીયેર | ૪૬૧ | ૧૪૮૬ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૧૫૦ | ૧૨૮૭ |
| મગફળી ૩૨ નં. | ૧૧૪૦ | ૧૨૬૨ |
| મગફળી નવી | ૧૦૮૦ | ૧૨૪૨ |
| બાજરી | ૪૦૦ | ૪૬૮ |
| ઘઉં | ૪૭૦ | ૫૮૮ |
| સફેદ તલ | ૨૨૦૦ | ૨૫૨૮ |
| કાળા તલ | ૨૫૦૦ | ૩૧૪૦ |
| સોયાબીન | ૮૦૦ | ૮૯૦ |
| સીંગદાણા | ૧૬૫૦ | ૧૯૨૯ |
| જુવાર | ૫૦૦ | ૮૪૪ |
| અડદ | ૧૬૫૦ | ૧૯૨૯ |
| મગ | ૧૩૦૦ | ૧૮૮૦ |
| ચણા | ૯૦૦ | ૧૯૬૮ |
| ધાણા | ૮૫૦ | ૧૨૫૫ |

## શબ્દ સંજોગ-૧૮૨૯



**આડી ચાવી :**
(૨) ગધેડાના પગ બાંધવાનું દોરડું (૩)
(૩) મા-બાપ (૪)
(૬) એક કઠોળ (૨)
(૭) બીના, બાબત (૩)
(૮) ગુંજાશ, શક્તિ (૨)
(૧૦) એક નદી (૩)
(૧૨) ઝાડ, પર્વત (૨)
(૧૬) માર્ગ, પથ (૨)
(૧૭) સરોવર (૨)
(૧૯) પંજાબમાં વહેતી એક નદી (૪)
(૨૨) કામદેવ, કામ (૩)
(૨૩) એક અને પા (૨)
(૨૪) ----આવ્યો (૨)
(૨૫) ત્રાસ, ભય (૩)
(૨૭) નાડી, શિરા (૨)
(૨૯) હિન્દી ફિલ્મની એક હીરોઈન--- કુલકર્ણી (૩)
(૩૧) પારસીઓનું બેસતું વર્ષ (૪)
(૩૨) ઐસી લાગી---- મીરા હો ગઈ મગન (૩)

**ઊભી ચાવી :**
(૧) પૈસો, ધન (૨)
(૨) ક્રોસવર્ડ ભરવા માટે આની જરૂર પડે જ (૩)
(૩) રસ્તો, જગા (૨)
(૪) મૂળ, ગામ કે પ્રાંત (૩)
(૫) નસ, નાડી (૨)
(૭) વગર, સિવાય (૨)
(૯) એક મોટું વહાણ (૨)
(૧૧) મરવાના નસીબવાળું (૨)
(૧૩) આ મટી એટલે વૈધ વેરી (૩)
(૧૪) એકદમ ધીમેથી--- લો (૨)
(૧૫) જાણેલું (૨)
(૧૮) પાસાં ફેકી ભવિષ્ય જોવાની વિદ્યા (૩)
(૧૯) એક પુરુષવાચક નામ (૩)
(૨૦) અખબારનું વાર્ષિક ભરવાનું હોય (૪)
(૨૧) આવવું અને જવું તે (૫)
(૨૩) તાબે, આધીન (૨)
(૨૪) જાહેરાત, કબૂલાત (૩)
(૨૬) એક વિદેશી દારૂ (૨)
(૨૮) પાપડખાર (૨)
(૩૦) --- સે---- મિલા (૨)

## શબ્દ સંજોગ-૧૮૨૮ જવાબ

**આડી ચાવી:** (૧) સમીર (૩) તોમર (૬) મહેર (૭) થડક (૯) ખાજા (૧૦) લય (૧૩) નલ (૧૪) જવરોન (નવરોજ) (૧૭) ગર (૧૯) કાનન (૨૦) તસવીર (૨૨) ચલ (૨૫) રકીબ (૨૭) પકારડ (૩૧) રમ (૩૨) રજ (૩૩) રમમાણ

**ઊભી ચાવી:** (૧) સક્ઝ (૨) રમજાન (૩) તોરલ (૪) રથ (૫) નેક (૮) ડમરો (૧૧) યજન (૧૨) મૃગ (૧૫) વનચર (૧૬) નઈ (૧૮) રત (૧૯) કારણ (૨૧) સગીર (૨૩) લકીર (૨૪) દ્વાપર (૨૬) બમણું (૨૮) કાજ (૨૯) ડર (૩૦) રમા

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

## વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળના કાર્યકરોએ રાહુલ ગાંધી વિરૂધ્ધ સુત્રોચ્ચાર કર્યા

# અમરેલીમાં રાહુલ ગાંધીના નિવેદનનો વિરોધ કરી પુતળાદહન કરાયુ

**પોલીસે પુતળા દહન કરનારાઓની અટકાયત કરી**

અમરેલી,તા.૩

રાષ્ટ્રપતિના અભિભાષણ દરમિયાન રાહુલ ગાંધીએ પ્રધાનમંત્રી સહિતના નેતાઓની હાજરીમાં હિન્દુ સમાજને નિશાન બનાવી બેફામ વાણી વિલાસ કર્યો હતો. જેમાં રાહુલ ગાંધીએ 'હિન્દુ નહી હિંસક છો'નું નિવેદન આપતા હિન્દુ સમાજમાં ભારે રોષ ફાટી નિકળ્યો છે. ગુજરાતમાં ઠેર-ઠેર રાહુલ ગાંધીના નિવેદનનો વિરોધ થઈ રહ્યો છે. જેના ભાગરૂપે અમરેલી શહેરમાં સાંજના ૪ વાગ્યે રાજકમલ ચોકમાં વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ તેમજ તમામ હિન્દુ સંસ્થાઓ અને હિન્દુ યુવાનો ભેગા થઈ રાહુલ ગાંધી વિરૂધ્ધ સુત્રોચ્ચાર કર્યા હતા. રાજકમલ ચોકમાં રાહુલ ગાંધીના નિવેદનનો વિરોધ કરી તેમના પુતળાનું દહન





કરવામાં આવ્યું હતુ. રાહુલ ગાંધીના પુતળાદહન કરતી વખતે સીટી પોલીસે વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળના કાર્યકરોની ધરપકડ કરી હતી. પોલીસે ૧૫ જેટલા કાર્યકરોની અટકાયત કરતા થોડા સમય માટે વાતાવરણ ગરમાયું હતુ. આ વિરોધ પ્રદર્શનમાં બજરંગ દળના જિલ્લા સંયોજક વિદુરભાઈ ડાબસરાની આગેવાનીમાં આયોજન કરવામાં આવ્યું હતુ. આ તકે વિશ્વ હિન્દુ પરિષદના જિલ્લા પ્રમુખ ઈતેશભાઈ મહેતા, જિલ્લા ઉપપ્રમુખ વિજયભાઈ દેસાઈ, બજરંગ દળના જિલ્લા સહ સંયોજક અશ્વિન વાઢેર, જિલ્લા સહ સંયોજક જીગીશું મેહતા, શહેર સંયોજક મહાવીરભાઈ વીંછિયા, શહેર સહ સંયોજક કેતન મેહતા, નગર પ્રમુખ પ્રતાપસિંહ રાઠોડ, મંત્રી સંજય પંડ્યા , દિલીપસિંહ પરમાર, નગર ઉપપ્રમુખ અશોકભાઈ તનવાણી, દબાણ હટાવ સમિતિના ચેરમેન સન્ની ડાબસરા, મહેશભાઈ જાળું, મયુર જેઠવા, ગૌરવ મહેતા, જીજ્ઞેશ દાફડા, બાદુરભાઈ વાળા, સૂરજ બગડા, ધ્રુવ ગડાધરા, રોહન માધડ, વિજય ડાબસરા, યસ દવે, દીપક દવે, પ્રશાંત પરમાર, આર્યન પરમાર, સ્મિત મેઘાણી, દેવાંગ જેઠવા, વિજયભાઈ ચોટલિયા, આર્યનભાઈ પરમાર, માધડ આર્યન , માધડ રોહન, મશરૂ દીપ, તીર્થ જાતોસના, મોહીત ગોહિલ, જયરાજસિંહ જાડેજા, ચૌહાણ પૃથ્વીરાજ, વાઘેલા હર્ષિલ, જય મારવાડી, કાંધલ ડાબસરા, વિનીત વ્યાસ, વૈભવ રાઠોડ સહિતના બજરંગ દળના કાર્યકરો ઉપસ્થિત રહ્યાં હતા.

# રાહુલ ગાંધીના નિવેદનનો વિરોધ, ઉનામાં પ્રાંત અધિકારીને આવેદન

ઉના,તા.૩



તસવીર : કૈલાશ ભટ્ટ

વિપક્ષી નેતા રાહુલ ગાંધી દ્વારા હિન્દુઓને હિંસક કહેવા બદલ હિન્દુઓની લાગણીને ઠેસ પહોંચી હોય આ બાબતે ઉના ટાવર ચોક ખાતે વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા રાહુલ ગાંધીનો વિરોધ કરવામાં આવ્યો હતો. જેમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે ઉના ટાવર ચોકથી ઉના પ્રાંત કચેરી સુધી રેલી કાઢી અને રાહુલ ગાંધી વિરૂધ્ધ હાય-હાયના નારા સાથે બહોળી સંખ્યામાં લોકો દ્વારા મહામહિમ રાષ્ટ્રપતિ, ભારત સરકારને સંબોધી ઉના પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપવામાં આવ્યું હતુ.

# વડોદરા હરણી લેક દુર્ઘટના કેસમાં રાજ્ય સરકારે રજૂ કરેલો રિપોર્ટ સ્વીકારવાનો હાઈકોર્ટે કર્યો ઈન્કાર

અમદાવાદ,તા.૩

વડોદરા હરણી લેક દુર્ઘટના કેસમાં હાઈકોર્ટે રિપોર્ટ સ્વીકારવા ઈન્કાર કર્યો છે. આ રિપોર્ટ રાજ્ય સરકાર તરફથી રજૂ કરાયો હતો. રિપોર્ટ સ્વીકારવા હાઈકોર્ટે ઈન્કાર કર્યો હતો. આ જવાબદારી વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની હોવાનું હાઈકોર્ટે જણાવ્યું હતું. એડવોકેટ જનરલે કોર્ટે કોર્ટમાં આ જવાબદારી



વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની હોવાનો વાતનો સ્વીકાર કર્યો હતો. તેની સાથે જવાબદાર બધા લોકો સામે ખાતાકીય તપાસ કરવા સરકાર તૈયાર હોવાનું જણાવ્યું હતું. એડવોકેટ જનરલે સરકાર વતી તૈયારી બતાવી હતી. આખી ઘટનાની નવેસરથી તપાસ કરવા આદેશ આપ્યો છે. ગુજરાત હાઈકોર્ટે કમિટીના રિપોર્ટને શબ્દોની માયાજાળ ગણાવ્યો હતો. રિપોર્ટ સત્યને છૂપાવતો હોવાનું હાઈકોર્ટે જણાવ્યું હતું. રિપોર્ટ સત્યને છૂપાવવા માંગતો હોય તેમ હાઈકોર્ટનો આદેશ છે. તમામ જવાબદારી અધિકારીઓ અને લોકો સામે ખાતાકીય તપાસ શિસ્તભંગના પગલાં સહિતની કાર્યવાહી થશે.

# રીલ્સ બનાવવાનો અભરખો રાખતી મહિલા કોન્સ્ટેબલ નીતા ચૌધરીને સસ્પેન્ડ કરાઈ !

(એ.આર.એલ),ભુજ,તા.૩

ભચાઉના ચકચારી બુટલેગર સાથે ખેપ મારતી અને પોતાને સેલિબ્રિટી માનતી નીતા ચૌધરી ખુદ રાજસ્થાનથી બિયર અને દારૂની બાટલીઓ ભરીને કચ્છ આવી રહી હતી ત્યારે રસ્તામાં જ ભચાઉના બુટલેગરનો સંપર્ક થતાં બન્ને એકી સાથે ગાંધીધામ તરફ મંડાણ કર્યા હોવાનું સામે આવ્યું છે.

સફેદ કલરની થાર જીપ સાથે જુદીજુદી રીલ્સ બનાવવાનો અભરખો રાખતી અને ગાંધીધામ સીઆઈડી ક્રાઈમમાં ફરજ બજાવતી મહિલા કોન્સ્ટેબલ નીતા ચૌધરી બુટલેગર સાથે દારૂના જથ્થામાં પકડાતા પોલીસ બેડામાં હડકંપ મચી ગયો હતો જેને લઈ પોલીસ વધુ તપાસ હાથ ધરતા ચોકાવનારી વિગતો બહાર આવવા પામી છે. મહિલા કોન્સ્ટેબલ નીતા વશરામ ચૌધરી અવારનવાર નવી નવી રીલ્સ બનાવાનો શોખ ધરાવતી હોવાનું જાણવા મળ્યું છે. ઉપરાંત તેને સસ્પેન્ડ કરાયાની પણ અટકળો છે.

# સા.કુંડલાના મનોરોગી આશ્રમમાંથી સાજી થઈ મહિલા ઘરે પરત ફરી

સાવરકુંડલા,તા.૩

સાવરકુંડલામાં આવેલા મનોરોગી બહેનોના આશ્રમ માનવ મંદિર આશ્રમમાં મનોરોગી બહેનોની સારવાર કરવામાં આવે છે અને તેને પુનઃ સમાજમાં સ્થાપિત કરવાના પ્રયાસ કરવામાં આવે છે. આવી જ એક મનોરોગી દીકરી સાજી થઈ જતા તેને તેમના પરિવારને સોંપવામાં આવી હતી.


તસવીર : સૌરભ દોશી

હાલ મહંત ભક્તિરામ બાપુની નિશ્રામાં ૬૩ જેટલી મનોરોગી બહેનો સારવાર લઈ રહી છે અને ૧૨૧ દીકરી સાજી થઈને ઘરે પરત ફરી હતી. ગત ત્રીજા મહિને ધોરાજી પોલીસ દિવાળીબેન બચુભાઈ સાકરીયા નામની મહિલાને દાખલ કરી ગઈ હતી. જેને ૩-૭-૨૦૨૪ ના રોજ તેમના ભાઈ પ્રવીણભાઈ આવીને તેડી ગયા હતા. આમ વધુ એક દીકરીને સમાજમાં પુનઃ સ્થાપિત કરવાનો ભક્તિરામ બાપુએ આનંદ વ્યકત કર્યો હતો.

# સુરતમાં રૂ. ૨૦૦૦ કરોડના જમીન કૌભાંડમાં ગુનો દાખલ કરવાની કોંગ્રેસની માંગ

સુરત,તા.૩

સુરતમાં રૂ.૨૦૦૦ કરોડના સરકારી પડતર જમીન કૌભાંડના કેસમાં કોંગ્રેસે જવાબદાર અધિકારીઓ સામે તપાસ કરી ગુનો દાખલ કરવાની માંગ કરી છે. પ્રદેશ કોંગ્રેસના મહામંત્રી દર્શન નાયકે આ અંગે લાંચરૂશ્વત વિરોધી શાખાના નિયામકને ફરિયાદ કરી તપાસની માંગ કરી છે. દર્શન નાયકની ફરિયાદમાં જણાવાયું છે કે, ડુમસમાં આવેલી અંદાજિત રૂ. બે હજાર કરોડની ૨,૧૭,૨૧૬ ચોરસ મીટર સરકારી પડતર જમીન સસ્પેન્ડેડ કલેકટર આયુષ ઓકે સરકારી જમીનમાં ગણોતિયાના નામો દાખલ કરવા માટે તેમની સત્તાનો દૂરપયોગ કર્યો છે. કરોડો રૂપિયાની લાંચ મેળવી છે એવું અમારું સ્પષ્ટ માનવું છે. સરકારે કલેકટર આયુષ ઓકને સસ્પેન્ડ કર્યા છે. લાંચ રૂશ્વત અધિનિયમની



કલમ-૭ મુજબ સસ્પેન્ડેડ કલેકટર આયુષ ઓક સંપૂર્ણપણે જવાબદાર છે અને તેમની સામે ફરિયાદ દાખલ કરી તપાસ હાથ ધરવી આવશ્યક છે. ઉલ્લેખનીય છે કે ડુમસની સરકારી પડતરની જમીનમાં સસ્પેન્ડેડ કલેકટર આયુષ ઓક દ્વારા ગણોતિયાના નામો દાખલ કરવા માટે ખોટી રીતે હુકમ કરવામાં આવ્યો હતો. આ હુકમ તેમની બદલીના બે દિવસ અગાઉ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ અમારા તરફથી કરવામાં આવેલી ફરિયાદને આધારે કલેકટર આયુષ ઓકને ગુજરાત સરકાર દ્વારા સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

# ઉનાની બજારમાં કોમ્પલેક્ષની છત ધરાશાયી: કોઈ જાનહાની નહી

ઉના, તા.૩

ઉનામાં આનંદ બજાર પાસે ઈલોરા સ્ટુડિયો કોમ્પ્લેક્સનો સ્લેબ ધડાકાભેર પડ્યો હતો. આ કોમ્પ્લેક્સ જર્જરીત હોવાથી લોકોને ઈજા કે નુકસાની થઈ નહોતી. ઉનાની મુખ્ય બજારમાં લોકોની સતત અવર જવર રહેતી હોય છે.

આ જર્જરિત કોમ્પ્લેક્ષમાંથી ઉપરની છતની રવેસ માંથી



રાત્રીના સમયે અચાનક પોપડા પડતાં કોઈને ઈજા કે જાનહાનિ થઇ ન હતી. અને જર્જરીત કોમ્પ્લેક્ષના પોપડા નીચે રસ્તા પર જ પડ્યા હતા. આ જર્જરિત કોમ્પ્લેક્ષની તાત્કાલિક મરામતકરવામાં આવે નહીં તો દિવસ દરમિયાન આ પોપડા હજુ પડશે તો અહીથી બજારમાંથી પસાર થતા લોકોના માથે પડે તેવી દહેશત છે. જેથી આ કોમ્પલેક્ષની કામગીરી કરવા લોકોની માંગ ઉઠવા પામેલ છે.

# ભાદર-ટુ ડેમ ભરાયો, ૩૮ હજાર ક્યુસેકથી વધુ પાણી છોડવામાં આવ્યું

રાજકોટ,તા.૩

રાજકોટમાં સતત બે દિવસથી વરસતા વરસાદના લીધે ભાદર ડેમ-ટુમાં પુષ્કળ પાણી આવ્યું છે. રાજકોટના ધોરાજી ગ્રામ્યમાં સારા વરસાદને લઈને ડેમમાં પાણી આવ્યું છે. સાઈટ વિસ્તારમાં ભારે વરસાદને લઈને ડેમ ઓવરફ્લો થયો છે. ડેમ ઓવરફ્લો થતાં એક દરવાજો અડધો ફૂટ ખોલાયો છે. નીચાણવાળા વિસ્તારમાં નદીના તટ પર ન જવા માટે લોકોને સૂચના આપવામાં આવી છે. ભૂખી ગામ નજીક આવેલા ડેમમાં પાણીની પુષ્કળ આવક થઈ છે. ભાદર-ટુ ડેમમાં કુલ પાંચ ફૂટ નવું પાણી આવ્યું છે.હાલમાં ડેમમાં કુલ નવ ફૂટ નવા પાણીની આવક નોંધાઈ છે. ડેમની કુલ સપાટી ૪૯.૫૦ ફૂટ છે. હાલ ડેમમાં પાણી ૪૪ ફૂટની સપાટીએ છે. આ ડેમમાંથી ધોરાજી, ઉપલેટા, માણાવદર અને કુતિયાણાના ૬૮ ગામોને પીવાનું પાણી આપવામાં આવે છે. ૧૮ ગામને સિંચાઈનું પાણી પૂરુ પાડતો ડેમ ભરાતા ખેડૂતોમાં આનંદ છવાયો છે.

# ઈંગ્લેન્ડના લેસ્ટરમાં સાંસદની ચૂંટણી લડી રહી છે ગુજરાતી મૂળની શિવાની

ઉના, તા.૩

ઈંગ્લેન્ડના લેસ્ટર ખાતે યોજાનારી સાંસદની ચૂંટણીમાં ઉમેદવાર તરીકે એક ગુજરાતી યુવતીએ ઉમેદવારી નોંધાવી છે. આ યુવતી મૂળ દીવની વતની છે અને તેનુ નામ શિવાની રાજા છે જે ઈંગ્લેનડના લેસ્ટર ખાતે રહે છે અને ત્યાંના નાગરિક પણ છે. શિવાનીએ દીવના મલાલા ખાતે બીજેપી



તસવીર : કૈલાસ ભટ્ટ

નેતા અશ્વિન બેંકર સાથે પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. જેમાં તેમણે ત્યાંના જે મતદારો અહીં છે તેમને ઓનલાઈન મતદાન વિશે માહિતી આપી અને મતદાન કરવા અપીલ કરી હતી.

# ડોળાસા નજીક ચીખલી-લેરકા રોડના ઓવરબ્રિજ નીચે પાણી ભરાતા હાલાકી

ડોળાસા, તા.૩

કોડીનાર તાલુકાના ડોળાસા ગામે બાયપાસના ચીખલી રોડ અને લેરકા રોડ પર ઓવરબ્રિજ બનાવવામાં આવ્યો છે, જે હયાત રોડથી દોઢ ફૂટ નીચે હોવાથી વરસાદનું પાણી જમા થવાથી તળાવ જેવી પરિસ્થિતિનું નિર્માણ થયુ છે. અહીં ઓવરબ્રિજ બનાવતી વખતે જ ખેડૂતોએ તળીયાની ઉંચાઈ


તસવીર : અનિલ કાનાબાર

વધારવા માંગ કરી હતી પણ સંબંધિત અધિકારીઓએ વાત સાંભળી જ નહિ હવે વરસાદ થતા પાણીનો ભરાવો થતા વાહનચાલકોને ભારે હાલાકી પડી રહી છે. ડોળાસાના મોટાભાગના ખેડૂતોના ખેતર આ રોડ પર જ આવેલા છે અને તેઓ મોટાભાગે વાડીઓમાં વસવાટ કરે છે અને તેમના બાળકોને શાળાએ જવા માટે પણ આ જ રોડ છે, ઉપરાંત ચીખલી, કોબ અને દીવ જવાનો પણ આ ધોરીમાર્ગ છે ત્યારે આ પુલની સમસ્યાનુ તાત્કાલિક નિરાકરણ કરવામાં આવે તેવી વ્યાપક માંગ કરવામાં આવી રહી છે.

# ગોંડલના આશાપુરા માતાજી મંદિરમાં ચોરી, મૂલ્યવાન ધાતુઓ અને દાનપેટી ગાયબ

**ચોરી કરનારાઓએ મંદિરમાં રહેલા CCTV ના DVR ના છેડા પણ કાઢી નાખ્યા હતા**

ગોંડલ, તા.૩

ગઈકાલે મોડી રાત્રે ગોંડલના પૌરાણિક આશાપુરા માતાજી મંદિરમાં ચોરીની ઘટના બની છે. તસ્કરોએ મંદિરમાં પ્રવેશીને દાનપેટી, સોના-ચાંદીના દાગીના સહિતની મૂલ્યવાન વસ્તુઓ ચોરી



લીધી છે. મળતી માહિતી મુજબ, તસ્કરોએ મંદિરના વૃદ્ધ પગીને બાજુની ઓરડીમાં ખુરશી સાથે બાંધી દીધા હતા અને ચોરીને અંજામ આપ્યો હતો. ચોરી કરનારાઓએ મંદિરમાં રહેલા CCTV ના DVR ના છેડા પણ કાઢી નાખ્યા હતા. ચોરાયેલી વસ્તુઓમાં ચાંદીના મોટા છત્ર, પાદુકા, થાળી, કંકાવટી, સોનાના ચાંદલા, નથ, ગણપતિ મંદિરનું ચાંદીનું છત્ર, દાનપેટીમાંથી રોકડા રૂપિયા ૫ થી ૬ હજાર અને મંદિરના પગીના ખીસામાંથી સોનાનું મંગળસૂત્રનો સમાવેશ થાય છે. ઘટનાની જાણ થતાં ડીવાયએસપી, સીટી પોલીસ PI, LCB PI સહિતનો સ્ટાફ ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે CCTV ફૂટેજના આધારે તપાસ શરૂ કરી છે અને આરોપીઓને ઝડપવાના પ્રયાસો હાથ ધર્યા છે.

### ગંભીર ઘટનામાં જવાબદાર લોકો અને અધિકારીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ

# યુ.પી.ના હાથરસમાં થયેલી નાસભાગને લઈને સુપ્રીમ કોર્ટમાં જાહેર હિતની અરજી

નવીદિલ્હી,તા.૩

હાથરસ નાસભાગની ઘટનાનો મામલો અલ્હાબાદ હાઈકોર્ટ બાદ હવે સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો છે. હાથરસમાં થયેલી નાસભાગને લઈને સુપ્રીમ કોર્ટમાં જાહેર હિતની અરજી દાખલ કરવામાં આવી છે. આ પીઆઈએલમાં સુપ્રીમ કોર્ટના નિવૃત્ત જજની દેખરેખ હેઠળ ૫ સભ્યોની નિષ્ણાત સમિતિ દ્વારા તપાસ કરાવવાની માંગ કરવામાં આવી છે. આ ઉપરાંત હાથરસ ઘટના પર યુપીની યોગી સરકાર પાસે સ્ટેટસ રિપોર્ટની પણ માંગ કરવામાં આવી છે.

સુપ્રીમ કોર્ટના વકીલ વિશાલ તિવારીએ આ પીઆઈએલ દાખલ કરી છે. તેમની પીઆઈએલમાં, તેમણે હાથરસ ઘટના માટે જવાબદાર લોકો અને અધિકારીઓ સામે કાયદેસરની કાર્યવાહીની માંગ કરી છે. તેમજ પીઆઈએલમાં આ પ્રકારના કાર્યક્રમોના આયોજન માટે ગાઈડલાઈન બનાવવાની માંગ કરવામાં આવી છે ત્યારે હવે જોવાનું એ રહે છે કે સુપ્રીમ કોર્ટ આ અરજી પર ક્યારે સુનાવણી કરવા તૈયાર થાય છે. એવી અપેક્ષા છે કે સુપ્રીમ



કોર્ટ આ અરજી પર આજે અથવા કાલે સુનાવણી કરશે. આ સાથે જ હાથરસ નાસભાગની ઘટનાનો મામલો પણ અલ્હાબાદ હાઈકોર્ટમાં પહોંચ્યો છે. હાઈકોર્ટમાં દાખલ કરાયેલી અરજીમાં હાથરસ ઘટનાની સીબીઆઈ દ્વારા તપાસ અથવા ન્યાયિક તપાસની માંગ કરવામાં આવી છે. આટલી મોટી સંખ્યામાં મોત માટે જવાબદાર અધિકારીઓ સામે કાર્યવાહી કરવાની પણ માંગઉઠીછે.એડવોકેટગૌરવદ્વિવેદીએ ચીફ જસ્ટિસ અરુણ ભણસાલીને પત્ર પિટિશન મોકલી છે. ઉત્તર પ્રદેશના હાથરસ જિલ્લામાં નાસભાગની ઘટનામાં મૃત્યુઆંક વધીને ૧૨૧ થયો છે. રાજ્યના રાહત કમિશનરની કચેરીએ બુધવારે આ માહિતી આપી હતી. રાહત કમિશનરની ઓફિસના જણાવ્યા અનુસાર મૃતકોમાં મોટાભાગની મહિલાઓ છે. મોટાભાગના અનુયાયીઓ ગૂંગળામણને કારણે મૃત્યુ પામ્યા હતા.

### જજની અધ્યક્ષતામાં તપાસ હાથ ધરવામાં આવશે

## આ ઘટના અકસ્માત નથી, કાવતરૂં : યોગી

(એ.આર.એલ),લખનૌ,તા.૩

હાથરસ અકસ્માત પર મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું કે આ પ્રકારની ઘટના માત્ર અકસ્માત નથી. જો અકસ્માત થાય તો તેની પાછળ જવાબદાર કોણ? જો તે અકસ્માત નથી તો કોનું કાવતરું છે તેની ન્યાયિક તપાસ થશે. હાઈકોર્ટના નિવૃત્ત જજની અધ્યક્ષતામાં તપાસ હાથ ધરવામાં આવશે. જે પણ દોષિત



હશે તેને સજા કરવામાં આવશે અને આવી ઘટના ફરીથી ન બને તે સુનિશ્ચિત કરવામાં આવશે. સીએમ યોગીએ બુધવારે સવારે ઘટના સ્થળની મુલાકાત પણ લીધી હતી. આ પછી મીડિયા સાથે વાત કરતા તેમણે કહ્યું કે ૧૨૧ લોકોના મોત થયા છે. આમાં યુપી ઉપરાંત એમપી, રાજસ્થાન અને હરિયાણાના લોકો પણ સામેલ થયા હતા. યુપીમાં હાથરસ, બદાઉન, કસંગાજ, એટાહ, લલિતપુર, ફિરોઝાબાદ, મથુરા, પીલીભીત, લખીમપુર ખેરીના ૧૬ જિલ્લાના લોકો અકસ્માતમાં પ્રભાવિત થયા છે.

## અજિત ડોભાલની ટીમમાં મોટા ફેરફાર,IB-RAWના બે અધિકારીઓને મોટી જવાબદારી

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૩

ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલે તેમની રાષ્ટ્રીય સુરક્ષા સમન્વય સચિવાલય ટીમમાં મોટા ફેરફારો કર્યા છે. ઈન્ટેલિજન્સ બ્યુરોમાં સ્પેશિયલ ડિરેક્ટર અને ૧૯૯૦ બેચના આઈપીએસ ટીવી રવિચંદ્રનને ભારતના નવા ડેપ્યુટી એનએસએ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. ૧૯૯૦ બેચના આઈએફએસ પવન કપૂરને પણ ડેપ્યુટી NSA બનાવવામાં આવ્યા છે. તેઓ વિદેશમાં વિવિધ ભારતીય મિશન, વિદેશ મંત્રાલય અને નવી દિલ્હીમાં વડાપ્રધાન કાર્યાલયમાં પણ કાર્યરત છે. તેમણે લંડનમાં કોમનવેલ્થ સચિવાલયમાં આંતરરાષ્ટ્રીય સિવિલ સર્વન્ટ તરીકે પણ સેવા આપી છે.



તાજેતરમાં ડેપ્યુટી એનએસએ વિક્રમ મિસરીને વિદેશ સચિવ બનાવવામાં આવ્યા છે. આ શ્રેણીમાં, હાલમાં સૌથી વરિષ્ઠ ડેપ્યુટી એનએસએ રાજીન્દર ખન્નાને બઢતી આપી એડિશનલ એનએસએ બનાવવામાં આવ્યા છે.

## બ્રિટનમાં આજે ચૂંટણી : ભારતીય મૂળના ઋષિ સૂનક-સ્ટારમર વચ્ચે જોરદાર ટક્કર

**૪ જુલાઈએ બ્રિટનમાં કુલ ૬૫૦ બેઠકો પર મતદાન થશે**

(એ.આર.એલ),લંડન,તા.૩

બ્રિટનના લોકો માટે આખરે તે ક્ષણ આવશે જ્યારે તેઓ તેમના મનપસંદ વડાપ્રધાનને પસંદ કરશે. બ્રિટનમાં આવતીકાલે એટલે કે ૪ જુલાઈએ મતદાન થશે. આ ચૂંટણીમાં કન્ઝર્વેટિવ પાર્ટીના ઋષિ સુનક અને લેબર પાર્ટીના કીર સ્ટારમર વચ્ચે જોરદાર ટક્કર છે. અત્યાર



સુધી આવેલા તમામ ઓપિનિયન પોલ્સમાં કીર સ્ટારમરની લેબર પાર્ટી આગળ દેખાઈ રહી છે.

તે જ સમયે, સર્વે અનુસાર, ઋષિ સુનકને કારમી હારનો સામનો કરવો પડી શકે છે, તે નિશ્ચિત છે કે કેર સ્ટારમર બ્રિટનના આગામી વડાપ્રધાન બની શકે છે, પરંતુ આ બધી બાબતો મતદાન પછી જ નક્કી કરવામાં આવશે. આવતીકાલે હવે આવી સ્થિતિમાં સવાલ એ પણ ઊભો થાય છે કે બંને નેતાઓમાંથી કોણ સૌથી અમીર છે તો ચાલો તમને જણાવીએ.

બ્રિટનની નેશનલ સ્ટેટિસ્ટિક્સ ઓફિસ અનુસાર, કન્ઝર્વેટિવ પાર્ટીના ઋષિ સુનક લેબર પાર્ટીના કીર સ્ટારમર કરતાં વધુ અમીર છે. ઋષિ સુનક અને તેમની પત્ની અક્ષતા મૂર્તિની કુલ સંપત્તિ લગભગ ૬૫૧ મિલિયન છે. તેની પાછળનું કારણ ઈન્ફોસિસના શેર છે. અક્ષતા મૂર્તિનો ઈન્ફોસિસમાં નોંધપાત્ર હિસ્સો છે. છેલ્લા એક વર્ષમાં ઈન્ફોસિસના શેરમાં સારો ઉછાળો જોવા મળ્યો છે.

## અનામત ૬૫ ટકા કરવાની માંગ સાથે નીતિશ સરકાર સુપ્રીમના દ્વાર ખખડાવશે

(એ.આર.એલ),પટણા,તા.૩

નીતિશ સરકારે સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો છે. ૬૫ ટકા અનામત પર પ્રતિબંધ મૂકવાના પટના હાઈકોર્ટના નિર્ણયને પડકારતી અરજી સુપ્રીમ કોર્ટમાં દાખલ કરવામાં આવી છે. પટના હાઈકોર્ટે બિહારમાં સંશોધિત અનામત કાયદાને રદ કરી દીધો હતો. બિહાર સરકારના વકીલ મનીષ સિંહે આ નિર્ણય વિરુદ્ધ અરજી દાખલ કરી અને દલિતો, આદિવાસીઓ અને પછાત વર્ગો માટેનો ક્વોટા ૫૦ ટકાથી વધારીને ૬૫ ટકા કરવાની માંગ કરી.



વિપક્ષ સતત આરોપ લગાવી રહ્યો હતો કે રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન સરકાર બિહારમાં અનામત વધારવા માંગતી નથી. થોડા દિવસો પહેલા જ તેજસ્વી યાદવે કહ્યું હતું કે અમને પહેલાથી જ શંકા હતી કે ભાજપના લોકો કોઈપણ સંજોગોમાં અનામત રોકવાનું કામ કરશે. અમે ચૂંટણીમાં પણ કહ્યું હતું કે ભાજપના લોકો અનામત વિરોધી છે. વિપક્ષના આ આરોપો વચ્ચે એનડીએ સરકારનો સુપ્રીમ કોર્ટમાં જવાનો અભિગમ તેના વિરોધીઓને જવાબ તરીકે માનવામાં આવી રહ્યો છે.

### ભારતની વિનંતીને અમેરિકી સરકારે સ્વીકારી

## મુંબઈ આતંકી હુમલાના આરોપી તહવ્વુર રાણાને ભારત લાવવાની ગતિવિધિઓ તેજ

(એ.આર.એલ),વોશિંગ્ટન,તા.૩

પાકિસ્તાની મૂળના કેનેડિયન નાગરિક તહવ્વુર રાણાને ભારત લાવવાની આશા વધી ગઈ છે. હકીકતમાં, યુએસ આસિસ્ટન્ટ એટર્ની બ્રામ એલ્ડને યુએસ એપેલેટ કોર્ટને કહ્યું છે કે તહવ્વુર રાણાને ભારત-યુએસ પ્રત્યાર્પણ સંધિની જોગવાઈઓ હેઠળ ભારતને પ્રત્યાર્પણ કરી શકાય છે. તહવ્વુર રાણા પર ૨૦૦૮ના મુંબઈ હુમલામાં



સામેલ હોવાનો આરોપ છે. તહવ્વુર રાણાએ કેલિફોર્નિયાની ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં પ્રત્યાર્પણ વિરુદ્ધ અપીલ કરી છે. તહુર રાણાને ભારત પ્રત્યાર્પણ કરવાની ભારત સરકારની વિનંતીને અમેરિકી સરકારે સ્વીકારી હતી, પરંતુ તેની સામે તહવ્વુર રાણાએ યુએસ ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં હેબિયસ કોર્પસ પિટિશન દાખલ કરી હતી.

## હિંદુ સંગઠનો દ્વારા હુમલાની ધમકી બાદ રાહુલ ગાંધીના આવાસ પર સુરક્ષામાં વધારો

નવીદિલ્હી,તા.૩

સંસદમાં વિપક્ષી નેતા રાહુલ ગાંધીના હિંદુઓને લઈને આપેલા નિવેદનને લઈને ભારે વિવાદ સર્જાયો છે. આ બધાની વચ્ચે દિલ્હી પોલીસને ગુપ્તચર વિભાગ તરફથી ઈનપુટ મળ્યા છે કે હિન્દુ સંગઠનો સાથે જોડાયેલા લોકો કોંગ્રેસ નેતા પર હુમલો કરી શકે છે. આવી સ્થિતિમાં ગૃહ મંત્રાલયના આદેશ બાદ દિલ્હી પોલીસે રાહુલ ગાંધી અને તેમના નિવાસસ્થાનની સુરક્ષા વધારી દીધી છે. આવાસ પર વધારાના દળો તૈનાત કરવામાં આવ્યા છે. તેમજ આ વિસ્તારમાં રહેતા કોંગ્રેસના નેતાઓ



પર નજર રાખવામાં આવી રહી છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ સોમવારે હિન્દુઓને લઈને નિવેદન આપ્યું હતું. આ પછી દિલ્હી પોલીસને મોડી રાત્રે ઈનપુટ મળ્યા કે હિન્દુ સંગઠનોના નેતાઓ રાહુલ ગાંધી પર હુમલો કરી શકે છે. આ સંસ્થાઓના લોકો નવી દિલ્હી વિસ્તારમાં પોસ્ટર અને બેનરો વગેરે લગાવી શકે છે.

### મની લોન્ડરીંગ કેસમાં રાઉઝ એવન્યૂ કોર્ટે

## દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ન્યાયિક કસ્ટડી ૧૨ જુલાઈ સુધી લંબાવી

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૩

રાઉઝ એવન્યુ કોર્ટે દિલ્હી લિકર પોલિસી સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલની ન્યાયિક કસ્ટડી ૧૨ જુલાઈ સુધી લંબાવી છે. સીએમ અરવિંદ કેજરીવાલને ઈડી દ્વારા વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. આ પહેલા ૨૯ જૂને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને સીબીઆઈ દ્વારા રાઉઝ એવન્યુ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા



હતા. સુનાવણી બાદ રાઉઝ એવન્યુની વિશેષ સીબીઆઈ કોર્ટે કેજરીવાલને ૧૪ દિવસની ન્યાયિક કસ્ટડીમાં તિહાર મોકલી દીધા હતા. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની સીબીઆઈએ ૨૬ જૂને દિલ્હી લિકર પોલિસી કેસમાં ધરપકડ કરી હતી. કોર્ટે તેને ત્રણ દિવસની સીબીઆઈ કસ્ટડીમાં મોકલી દીધા હતા. કેજરીવાલના સીબીઆઈ રિમાન્ડ પૂરા થતાં ૨૯જૂને ફરીથી રજૂ કરવામાં આવ્યા હતા.

## ચિંતા : બ્રેસ્ટ કેન્સરના ત્રીજા સ્ટેજ સામે અભિનેત્રી હીનાખાન ઝઝુમી રહી છે

(એ.આર.એલ),મુંબઈ,તા.૩

પ્રખ્યાત અભિનેત્રી હિના ખાન ત્રીજા સ્ટેજના બ્રેસ્ટ કેન્સર સામે ઝઝૂમી રહી છે. આ માહિતી હિનાએ પોતે પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર શેર કરી છે. કેન્સરથી પીડિત હિના ખાને નક્કી કર્યું છે કે તે આ બીમારીને નોર્મલ કરશે. તેના ચાહકોને 'નેવર ગીવ અપ' (ક્યારેય હાર ન માનવા)નો સંદેશ આપતા, હિનાએ તાજેતરમાં તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર એક એવોર્ડ ફંક્શનનો એક વીડિયો શેર કર્યો હતો. આ વીડિયોના કેપ્શનમાં હિના ખાને લખ્યું હતું કે આ એવોર્ડ ફંક્શનના દિવસે જ તેને ખબર પડી કે તે કેન્સરથી પીડિત છે. પણ તેણે હાર ન માની. તેણીએ એવોર્ડ સ્વીકાર્યો અને પછી સીધા તેના પ્રથમ કીમોથેરાપી સત્રમાં ગયા. હવે સાઉથની પ્રખ્યાત અભિનેત્રી સામંથા રૂથ પ્રભુએ હિનાની આ પ્રેરણાદાયી પોસ્ટ શેર કરી છે. હિનાની પોસ્ટ શેર કરતી વખતે સામંથાએ લખ્યું છે કે હું તમારી સુરક્ષા માટે પ્રાર્થના કરું છું અને 'ફેમિલી મેન' અભિનેત્રીએ હિનાને યોદ્ધા પણ કહી છે. તેનું માનવું છે કે હિના ખાનની આ ભાવના કોઈ યોદ્ધાથી ઓછી નથી. હિના પહેલા સામંથાએ પણ પોતાની બીમારીને સામાન્ય બનાવવાનો પ્રયાસ કર્યો હતો. તે 'ઓટો ઈમ્યુન ડિસઓર્ડર'થી પીડિત હતી.

## કોંગ્રેસે આપની ફરિયાદ કરી, કાર્યવાહી બદલ ગાળો મને આપવામાં આવે છે : પ્રધાનમંત્રી

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૩

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે કોંગ્રેસની સાથે સાથે આમ આદમી પાર્ટીને પણ આડે હાથ લીધી. રાજ્યસભામાં રાષ્ટ્રપતિના અભિભાષણ પર ધન્યવાદ પ્રસ્તાવ પર બોલતા પીએમ નરેન્દ્ર મોદીએ કહ્યું કે કોંગ્રેસ પાર્ટીએ આપની ફરિયાદ કરી અને તેને કોર્ટ સુધી ઢસડી. હવે જ્યારે કાર્યવાહી થઈ રહી છે ત્યારે ગાળો તેમને આપવામાં આવી રહી છે. પીએમ મોદીએ કોંગ્રેસ પાર્ટીને સવાલ કર્યો કે જે પુરાવા તેમણે આમ આદમી પાર્ટી વિરુદ્ધ આપ્યા હતા તે ખોટા હતા?



**પીએમ મોદીએ કોંગ્રેસ પાર્ટીને સવાલ કર્યો કે જે પુરાવા તેમણે આમ આદમી પાર્ટી વિરુદ્ધ આપ્યા હતા તે ખોટા હતા?**

પીએમ મોદીએ કહ્યું કે 'કેન્દ્રની તપાસ એજન્સીઓ પર આરોપ લગાવવામાં આવ્યા છે. કહેવાયુ છે કે સરકાર તપાસ એજન્સીઓનો દુરઉપયોગ કરી રહી છે. ભ્રષ્ટાચાર કરે 'આપ', આપની ફરિયાદ કરે કોંગ્રેસ, આપને કોર્ટમાં ઢસડીને લઈ જાય કોંગ્રેસ અને હવે કાર્યવાહી થાય તો ગાળો આપે મોદીને. હવે પરસ્પર સાથી બની ગયા છે આ લોકો.' પીએમ મોદીએ આમ આદમી પાર્ટીને કહ્યું કે તે કોંગ્રેસ પાસે જવાબ માંગે. જ્યારે કોંગ્રેસને પણ સ્પષ્ટ કરવાનું કહ્યું કે જે આરોપ તેમણે લગાવ્યા હતા તે સાચા હતા કે ખોટા. તેમણે કહ્યું કે, હું આમ આદમી પાર્ટીવાળાને કહેવા માંગુ છું કે હિંમત હોય તો સદનમાં ઊભા થઈને કોંગ્રેસ પાસે જવાબ માંગો. કોંગ્રેસે પ્રેસ કોન્ફરન્સ કરીને આપના કૌભાંડોના પુરાવા દેશ સામે રજૂ કર્યા હતા. મને વિશ્વાસ છે કે આવી ચીજોનો જવાબ આપવાની હિંમત નથી.

## ભાજપ સાંસદ કંગના રનૌતને થપ્પડ મારનાર મહિલા કર્મચારીની બેંગ્લોર એરપોર્ટ પર બદલી

(એ.આર.એલ),ચંડીગઢ,તા.૩

શહીદ ભગત સિંહ ઈન્ટરનેશનલ એરપોર્ટ, ચંડીગઢ પર બીજેપી સાંસદ અને અભિનેત્રી કંગના રનૌતને થપ્પડ મારનાર સીઆઈએસએફ મહિલા સૈનિકની બદલી કરવામાં આવી છે. મહિલા કર્મચારી કુલવિંદર કૌરને ચંદીગઢ એરપોર્ટથી બેંગ્લોર ટ્રાન્સફર કરવામાં આવી છે. જો કે હજુ સુધી મહિલા સૈનિકને પુનઃસ્થાપિત કરવામાં આવી નથી. કુલવિંદર કૌરને હાલમાં ફરજ પરથી સસ્પેન્ડ કરવામાં આવી છે અને તેની સામે વિભાગીય તપાસ ચાલી રહી છે. ૭ જૂનના રોજ, મંડી, હિમાચલના બીજેપી સાંસદ અને બોલિવૂડ અભિનેત્રી કંગના રનૌતને શહીદ ભગત સિંહ ઈન્ટરનેશનલ એરપોર્ટ, ચંડીગઢ પર સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીયલ સિક્યુરિટી ફોર્સની મહિલા સૈનિક કુલવિંદરે થપ્પડ મારી હતી. કંગના રનૌતને થપ્પડ મારવાની ઘટના બાદ સીઆઈએસએફ મહિલા સૈનિક કુલવિંદરને સસ્પેન્ડ કરવામાં આવ્યો હતો. સૂત્રોનું માનીએ તો, થપ્પડ મારવાની આ ઘટનાની તપાસ કરવા માટે સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમની રચના કરવામાં આવી હતી. એસઆઈટીએ આ કેસની તપાસ પૂર્ણ કરી છે અને અધિકારીઓને રિપોર્ટ સોંપ્યો છે.

## બુધવારે શેરબજારમાં જોરદાર ઉછાળો : સેન્સેક્સ ૮૦ હજાર નજીક અને નીફટી ૨૪,૨૮૬ પર બંધ

(એ.આર.એલ),મુંબઈ,તા.૩

બુધવારે સ્થાનિક શેરબજારમાં જોરદાર ઉછાળો જોવા મળ્યો હતો. સપ્તાહના ત્રીજા કારોબારી દિવસે સેન્સેક્સ ૫૪૫.૩૫ (૦.૬૮%) પોઈન્ટના વધારા સાથે ૭૯,૯૮૬.૮૦ ના સ્તરે બંધ થઈને ૮૦ હજારની નજીક પહોંચી ગયો. બીજી તરફ, નિફ્ટી ૧૬૨.૬૬ (૦.૬૭%) પોઈન્ટ ઉછળીને ૨૪,૨૮૬.૫૦ પર



બંધ રહ્યો હતો. ખાનગી બેન્કીંગ સેક્ટરના શેરમાં વધારો થવાને કારણે બુધવારે સેન્સેક્સ અને નિફ્ટીમાં મજબૂતી જોવા મળી હતી. કરન્સી માર્કેટમાં બુધવારે ડોલર સામે રૂપિયો ૪ પૈસા ઘટીને ૮૩.૫૨ પર બંધ થયો હતો. બુધવારના ટ્રેડિંગ સેશન દરમિયાન નિફ્ટી બેંકે પ્રથમ વખત ૫૩૦૦૦ની સપાટી વટાવી હતી. બુધવારના ટ્રેડિંગ સેશન દરમિયાન ૩૦ શેરનો બેન્ચમાર્ક BSE સેન્સેક્સ પ્રથમ વખત ૮૦,૦૦૦ના મનોવૈજ્ઞાનિક સ્તરને પાર કરવામાં સફળ રહ્યો હતો. બુધવારે, તે ૬૩૨.૮૫ પોઈન્ટ અથવા ૦.૭૯%ના ઉછાળા સાથે ૮૦,૦૭૪.૩૦ ના તેના રેકોર્ડ ઈન્ટ્રા-ડે સ્તરે પહોંચ્યો હતો.

## બિહારમાં બ્રિજ ધરાશાયી થવાનો સીલસીલો યથાવત : એક જ દિવસમાં ત્રણ બ્રિજ તૂટ્યા

(એ.આર.એલ),પટણા,તા.૩

બિહારની સ્થાનિક બોલીમાં એક કહેવત વારંવાર બોલાય છે, 'ગઈ ભેંસિયા પાની મેં.' આજકાલ આ વાક્યપ્રયોગ જાણે બિહારમાં ફરી એકવાર લોકજીભે ચઢી ગયો છે. બિહારમાં નદીઓ પર બનાવેલા નાના-મોટા પુલ ધરાશાયી થવાનો સિલસિલો ચાલુ છે. આજે સીવાનના



મહારાજગંજમાં એક જ દિવસમાં ત્રણ પુલ ધરાશાયી થઈ ગયા, જેમાં ગંડક નદી પરના બે પુલ અને ધમહી નદી પરનો એક પુલ સામેલ છે. અહીંના અનેક ગામ સંપર્કવિહોણા થઈ ગયા છે. જો કે મહારાજગંજના આ પુલ નબળા પડી ગયો હોવાથી સ્થાનિક તંત્રે ત્યાં વાહનવ્યવહાર પર પ્રતિબંધ મૂકી દીધો હોવાથી સદનસીબે કોઈ જાનહાનિ થઈ નથી. બિહારના સીવાન જિલ્લામાં એક જ દિવસમાં ૩ બ્રિજ તૂટવાના અહેવાલ સામે આવ્યા છે.

### શિક્ષણ સમિતિના પૂર્વ ચેરમેન વિપુલભાઈ દુધાતે દારૂડીયાને ઝડપી કાર્યવાહી કરતા પોલીસ માટે શરમજનક ઘટના

# લીલીયામાં પાણીના પાઉચની જેમ વેચાતી દારૂની કોથળીઓ

**સરસ કામગીરી કરનાર પીએસઆઈના બુટલેગરો સામે આંખ મીચામણા**

અમરેલી,તા.૩

અમરેલી જિલ્લામાં પાણીના પાઉચ હવે બંધ થઈ ગયા છે કારણ કે પાણીના પાઉચનુ સ્થાન હવે દેશી દારૂની કોથળીઓએ લઈ લીધુ છે. લીલીયામાં પોલીસ અધિકારીની મીઠી નજર હેઠળ બેફામ દેશી દારૂ વેચાતો હોવાનો અનેકવાર ગ્રામજનોએ આક્ષેપ કર્યો છે પરંતુ પોલીસ સાથે બુટલેગરોની સાંઠગાંઠ હોવાથી કોઈ કામગીરી કરવામાં આવતી નથી. લીલીયામાં નાવલી નદીમાં દારૂની ડિલિવરી કરવા આવેલા એક બુટલગરને જિલ્લા પંચાયતના સદસ્ય અને પૂર્વ શિક્ષણ સમિતિના ચેરમેન વિપુલ દુધાતે દારૂ અંગે સતર્કતા દાખવતા ઝડપી પાડયો હતો. જે કામ પોલીસને કરવાનું હોય તે કામ જિલ્લા પંચાયતના સદસ્ય વિપુલભાઈ દુધાતે કરી દેખાડયુ હતુ. વિપુલભાઈ દુધાતે દેશી દારૂનુ વેચાણ કરનાર શખ્સને ઝડપી પાડી લીલીયાના પીએસઆઈને જાણ કરી હતી. જેથી પીએસઆઈને પોલીસ કર્મચારી ગૌતમભાઈ ખુમાણ અને અન્ય એક પોલીસ કર્મીને બુટલેગરને ઝડપવા માટે મોકલ્યા હતા. પોલીસે બુટલેગરને ઝડપી પાડ્યા બાદ જિલ્લા પંચાયતના સદસ્ય પોતાના ઘરે જવા નીકળ્યા હતા ત્યાં જે બુટલેગરને હવાલાતની હવા ખાવાની હોય તે બુટલેગર વિપુલભાઈ દુધાતની સાઈડ કાપી નીકળતા આશ્ચર્ય ફેલાયુ હતુ. દેશી દારૂનુ વેચાણ કરતા બુટલેગર આટલા સમયમાં પોલીસમાંથી છુટી જતા હોય ત્યારે લીલીયા પોલીસની કામગીરી સામે પણ સવાલો ઉભા થયા છે.



**દારૂના સમાચાર બદલ પોલીસ નિવેદન નોંધે છે**

અમરેલી જિલ્લામાં વિદેશી દારૂની રેમલછેલ છે ત્યારે કોઈ જાગૃત નાગરિક આ અંગે પોલીસને જાણ કરે તો પોલીસ તેમના નિવેદન નોંધી દારૂ કયાં મળે છે? કયાં વેચાય છે તેવી પુછપરછ કરે છે જયારે ખુદ જિલ્લા પંચાયતના સદસ્ય પોતાની જાગૃતતા નિભાવી બુટલેગરને દારૂ સાથે ઝડપે છે ત્યારે પોલીસ આવા બુટલેગરોને છાવરી કોઈ કામગીરી કરતી ન હોવાનું સામે આવ્યું છે.

**લીલીયા પીએસઆઈને સારી કામગીરી માટે બિરદાવ્યા હતા**

લીલીયાના પીએસઆઈ એસ.આર.ગોહિલને સારી કામગીરી બદલ જિલ્લા પોલીસ વડાના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા. જો કે પીએસઆઈની કામગીરી કેવી છે તે આ બુટલેગરને ઝડપ્યા બાદ સાબિત થયુ છે. લીલીયા પોલીસની જો આવી જ કામગીરી રહેશે તો આવનારા સમયમાં લીલીયા દારૂ વેચવા માટેનુ હબ બની જશે તેમ લોકો રોષ સાથે જણાવી રહ્યા છે.

**હિન્દુ અંગે ટીપ્પણી કરતા વિરોધ**

## રાજ્યના વિવિધ શહેરોમાં ભાજપના કાર્યકરોએ રાહુલ ગાંધી સામે ફરિયાદ કરી

(એ.આર.એલ),અમદાવાદ,તા.૩



સાંસદમાં હિન્દુઓ અંગેના લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીના નિવેદન બાદ ભડકી વિરોધની આગ ભભુકી ઉઠી છે. સુરત અને અમદાવાદ સહિત ગુજરાત વિવિધ શહેરોમાં વિરોધ જોવા મળ્યો. ખાસ કરીને આ મામલે સુરતમાં ભાજપના એક કાર્યકરે પોલીસ સ્ટેશનમાં રાહુલ ગાંધી વિરુદ્ધ અરજી કરી છે. રાહુલ ગાંધી સામે સિંગણપોર પોલીસ સ્ટેશનમાં અરજી આપી. રાહુલ ગાંધીના નિવેદનને લઈ ગુનો નોંધવા માટે અરજી કરી. અગાઉ રાહુલ ગાંધીને વિવાદિત ટિપ્પણીને કારણે કોર્ટના ધક્કા ખાવાનો વારો આવ્યો હતો.

રાહુલ ગાંધીના નિવેદન બાદ અમદાવાદ કોંગ્રેસ કાર્યાલય ખાતે બબાલનો મામલો ભારે ચર્ચામાં છે. સમગ્ર મામલામાં એલિસબ્રીજ પોલીસે બે અલગ અલગ ફરિયાદ નોંધી છે. આ બે પૈકી એક ફરિયાદમાં ૫ આરોપીઓની ધરપકડ કરી લેવામાં આવી છે. પોલીસે કોંગ્રેસના પાંચ આગેવાનોની ધરપકડ કરી છે. બીજી ફરિયાદને લઈને પણ પોલીસે તપાસ શરૂ કરી છે. લોકસભાના વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ ટ્વીટ કર્યું છે કે ગુજરાત કોંગ્રેસ કાર્યાલય પર કાયરતાપૂર્ણ અને હિંસક હુમલો.

**શિક્ષક ભરતી અંગે મુખ્યમંત્રીના અધ્યક્ષ સ્થાને રાજ્ય મંત્રીમંડળની બેઠક મળી**

## રાજય સરકાર ૨૪,૭૦૦થી વધુ શિક્ષકોની ભરતી કરશે

અમરેલી,તા.૩

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં મળેલી મંત્રીમંડળની બેઠકે રાજ્યની સરકારી પ્રાથમિક અને સરકારી તથા ગ્રાન્ટ ઈન એઈડ માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વિવિધ સ્તરે શિક્ષકોની ભરતી પ્રક્રિયાના સૂચિત ભરતી કેલેન્ડરને આખરી ઓપ આપ્યો છે. આગામી ઓગષ્ટ-૨૦૨૪થી ડિસેમ્બર-૨૦૨૪ દરમિયાન જુદી-જુદી સંભવિત તારીખોએ વિવિધ જગ્યાઓ પર અંદાજે ૨૪,૭૦૦થી વધુ શિક્ષકોની ભરતી પ્રક્રિયા માટેની જાહેરાત પ્રસિધ્ધ કરીને ભરતીની પ્રક્રિયા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. પ્રવક્તા મંત્રીએ આ સંદર્ભમાં કહ્યું હતું કે, ગ્રાન્ટેડ શાળાઓમાં આચાર્ય (HMAT PASS ઉમેદવારો)ની ૧૨૦૦ જેટલી અંદાજિત સંખ્યા અને ગ્રાન્ટેડ શાળાઓમાં જુના શિક્ષકની અંદાજિત ૨૨૦૦ જેટલી જગ્યાઓ ભરવા માટે સંભવિત જાહેરાતની તા. ૦૧/૦૮/૨૦૨૪ રહેશે. પ્રવક્તા મંત્રીએ કહ્યું કે, સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓ અને ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક (TAT HIGHER SECONDARY પાસ ઉમેદવારો)ની કુલ મળીને અંદાજે ૪૦૦૦ જેટલી જગ્યાઓ જેમાં સરકારી ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સહાયક માટે ૭૫૦ અને ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સહાયક માટે ૩૨૫૦ જગ્યાઓનો સમાવેશ થાય છે તેની સંભવિત જાહેરાતની તા. ૦૧/૦૯/૨૦૨૪ રહેશે. આ ઉપરાંત સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયકની કુલ ૩૫૦૦ જગ્યાઓ માટેની જાહેરાતની સંભવિત તા.૦૧/૧૦/૨૦૨૪ રહેશે જેમાં સરકારી માધ્યમિક શિક્ષણ સહાયકની ૫૦૦ જગ્યા અને ગ્રાન્ટેડ માધ્યમિક શિક્ષણ સહાયક (TAT SECONDARY પાસ ઉમેદવારો)ની ૩૦૦૦ જગ્યા માટે ભરતી જાહેરાત થશે. સરકારી ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં ગુજરાતી માધ્યમમાં વિદ્યાસહાયક તરીકે TET-2 પાસ ઉમેદવારો માટેની અંદાજે ૭૦૦૦ જગ્યાઓ માટેની સંભવિત ભરતી જાહેરાતની તા. ૦૧/૧૧/૨૦૨૪ રહેશે.

**દ્વારકા જિલ્લામાં સોડા એશ પ્લાન્ટના કારણે પ્રદૂષણને કારણે ખેતીની જમીન બગડી**

## ૧૭ અધિકારીઓને ગુજરાત પ્રદૂષણ કંટ્રોલ બોર્ડે કારણદર્શક નોટીસ આપી

ગાંધીનગર,તા.૩




ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (જીપીસીબી)એ તેના ૧૭ અધિકારીઓને તેમની કથિત નિષ્ક્રિયતા અને ફરજમાં બેદરકારી બદલ કારણ બતાવો નોટિસ પાઠવી છે, જેના પરિણામે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સોડા એશ પ્લાન્ટના કારણે પ્રદૂષણને કારણે ખેતીની જમીન બગડી હતી. જીપીસીબીએ ગુજરાત હાઈકોર્ટને તપાસ અંગે જાણ કરી હતી કારણ કે દ્વારકા નજીકના કરુંગા ગામના એક બાલુભા કેરની ફરિયાદ પર સંબંધિત અધિકારીઓને તેમની નિષ્ક્રિયતા માટે જવાબદાર ઠેરવવા માટે કોર્ટે તપાસનો આદેશ આપ્યો હતો. કેર ૨૦૧૮માં તેમના ખેતરની બાજુમાં આરએસપીએલના સોડા એશ પ્લાન્ટને કારણે થતા પ્રદૂષણમાંથી રાહત માંગી રહ્યો હતો. જીપીસીબી ત્રણ વર્ષથી વધુ સમયથી ખેડૂતોની ફરિયાદો પર કાર્યવાહી કરવામાં નિષ્ફળ રહ્યું હતું અને તેણે ગયા વર્ષે હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો. કોર્ટે અવલોકન કર્યું કે જીપીસીબીએ ફરિયાદોને લઈ સુસ્ત વલણ દાખવ્યું હતું અને તે વોટર એક્ટ અને એર એક્ટ હેઠળ તેની ફરજો નિભાવવામાં નિષ્ફળ રહી હતી. કોર્ટે જીપીસીબીને ખેડૂતને વળતર આપવા અને ભૂલ કરનાર અધિકારીઓ પાસેથી રકમ વસૂલવાનો પણ આદેશ આપ્યો છે. હાઈકોર્ટને જાણ કરવામાં આવી હતી કે ત્રણ અધિકારીઓની સમિતિ દ્વારા પ્રાથમિક તપાસ હાથ ધરવામાં આવી હતી.

